RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 199* Date: 10.05.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

મધ્યપ્રદેશમાં બસ અકસ્માત; ૩ બાળકો સહિત ૨૨નાં મોત

## ખરગોનમાં ૫૦ ફૂટ ઊંચા પુલની રેલિંગ તોડીને બસ નદીમાં ખાબકી, ૨૪ ઈજાગ્રસ્ત, ડ્રાઈવરને ઝોકું આવી જતા અકસ્માત સર્જાયો

### દુર્ઘટનામાં મૃતકોના પરિજનોને ૪-૪ લાખ રૂપિયા,ગંભીર રીતે ઘાયલ લોકોને ૫૦-૫૦ હજાર રૂપિયા અને સામાન્ય ઈજાગ્રસ્તોને ૨૫-૨૫ હજાર રૂપિયા તત્કાળ સહાય આપવાની જાહેરાત

(એ.આર.એલ),ખરગોન,તા.૯

મધ્યપ્રદેશના ખરગોનમાં મંગળવારે એક બસ પુલ પરથી નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૩ બાળકો સહિત ૨૨ લોકોના મોત થયા છે. જ્યારે ૨૪ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. ઘટના સ્થળે ૧૭ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતાં.જયારે અન્ય પાંચ લોકોના હોસ્પિટલમાં મોત નિપજયા હતાં મૃતકોમાં ૬ મહિલાઓ સહિત ત્રણ બાળકો સામેલ છે. બસ ઈન્દોરથી ડોંગરગાંવ જઈ રહી હતી. અકસ્માત સર્જાયેલી બસમાં ૪૦થી વધુ મુસાફરો સવાર હતા. આ અકસ્માત સવારે ૮.૪૦ કલાકે થયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે ડોંગરગાંવ અને દસંગા વચ્ચે બોરાડ નદી પરના પુલની રેલિંગ તોડીને બસ નદીમાં ખાબકી હતી. નદીમાં પાણી નહોતું. એમ્બ્યુલન્સ અને વહીવટીતંત્રના અધિકારીઓ સ્થળ પર હાજર છે. આઈજી રાકેશ ગુપ્તાએ જણાવ્યું કે તે ખરગોનના બેજાપુરથી બસ ઈન્દોર તરફ જઈ રહી હતી. બસ પુરપાટ ઝડપે જતી હોવાને કારણે ડ્રાઈવરે કાબુ ગુમાવતા બસ રેલિંગ તોડીને પુલ પરથી નીચે ખાબકી હતી. નદીમાં પાણી ન હોવાથી મોટાભાગના મુસાફરોને ઈજા થઈ છે, પરંતુ ૧૫ મુસાફરોના મોત થયા હતા. બચાવ કાર્ય ચાલુ છે.

ડોંગરગાંવના રહેવાસી રાજ પાટીદારે જણાવ્યું કે મા શારદા ટ્રાવેલ્સની બસમાં ૪૦થી વધુ લોકો મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માત બાદ ડોંગરગાંવ અને લોનારા ગામના ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યા હતા. બસના કાચ તોડીને ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા. ગામલોકોએ જણાવ્યું કે બસ ગામથી પાંચ મિનિટ પહેલા જ નીકળી હતી. બસ પુરપાટ ઝડપે જઈ રહી હતી. ઘટનાને પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવી રહ્યા છે.એસડીએમએ જણાવ્યું હતું કે અકસ્માત જિલ્લા મુખ્યાલયથી લગભગ ૩૪ કિલોમીટર દૂર તે પોલીસ સ્ટેશન વિસ્તારના ડોંગરગાંવ પાસે થયો હતો. હાલ બસ ડ્રાઈવરની શોધખોળ કરવામાં આવી રહી છે. પ્રાથમિક માહિતી મુજબ ડ્રાઈવરને ઝોકું આવી જતા અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

મળતી માહિતી મુજબ મંગળવારે સવારે એક બસ ઈન્દોર તરફ જઈ રહી હતી. બસ ખરગોનના ખરગોન ટેમલા માર્ગ પર દસંગા પાસે પહોંચી ત્યારે ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બસ પુલ પરથી નીચે પડી ગઈ હતી. બસ પુલ પરથી નીચે પડી ગયા બાદ ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ઘટનાસ્થળે પહોંચેલા ગ્રામજનોએ બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવાનું શરૂ કર્યું હતું અને પોલીસને પણ અકસ્માતની જાણ કરી હતી. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ પણ દોડી આવી હતી તાત્કાલિક એમ્બ્યુલન્સને ઘટનાસ્થળે બોલાવવામાં આવી અને પોલીસની ટીમ પણ પહોંચી ગઈ હતી. બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

ખરગોનના એસપી ધર્મવીર સિંહે કહ્યું કે બસ પુલ પરથી નીચે પડતાં ૧૫ લોકોના મોત થયા છે જયારે ૨૫ લોકોને ઈજા થઈ છે.હાલમાં બચાવ કાર્ય ચાલુ છે.દરમિયાન મધ્યપ્રદેશ સરકારે ખરગોન બસ દુર્ઘટનામાં મૃતકોના પરિજનોને ૪-૪ લાખ રૂપિયા,ગંભીર રીતે ઘાયલ લોકોને ૫૦-૫૦ હજાર રૂપિયા અને સામાન્ય ઈજાગ્રસ્તોને ૨૫-૨૫ હજાર રૂપિયા તત્કાળ સહાય આપવાની જાહેરાત કરી છે. મધ્યપ્રદેશના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાએ કહ્યું કે બસ રેલિંગ તોડીને બેરાડ નદીમાં ખાબકી છે ૧૫ લોકોના મોત થયા છે જયારે ૨૫ લોકોને ઈજા થઈ છે.જેમને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે ઘટના માટે મેજિસ્ટ્રિયલ તપાસના આદેશ અપાયા છે.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ટ્વીટ કરીને દુર્ઘટના પર દુખ વ્યકત કર્યું છે. શિવરાજસિંહે ટ્વિટર હેન્ડર પર ટ્વિટ કરીને લખ્યું છે કે મુખ્યમંત્રી શિવરાજજીએ ખરગોન જિલ્લાના ડોંગરગાંવ અને દસંગા વચ્ચે બસ અકસ્માતમાં લોકોના અકાળે મૃત્યુ પર શોક વ્યકત કર્યો અને દિવંગત આત્માઓની શાંતિ માટે અને ઘાટલોની ઝડપથી સ્વસ્થ થવાની ભગવાનને પ્રાર્થના કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.આ ઉપરાંત કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જૂન,પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી,કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી,ભાજપના નેતા જે પી નડ્ડા સહિતના આગેવાનોએ આ દુર્ઘટના અંગે ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

## કર્ણાટક વિધાનસભા ચૂંટણી માટે આજે ૨૨૪ બેઠકો પર કડક સુરક્ષા વચ્ચે મતદાન થશે

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૯

કર્ણાટકમાં આવતીકાલ ૧૦ મેના રોજ ૨૨૪ બેઠકો પર કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન યોજાશે આ ચૂંટણીના પરિણામો ૧૩ મેના રોજ આવશે. આ ચૂંટણીમાં ભાજપે સત્તા જાળવી રાખવાનો પૂરેપૂરો પ્રયાસ કરી રહી છે જ્યારે કોંગ્રેસે ફરીથી સત્તાધીશ થવા પ્રયત્નશીલ છે. રાજ્યની ત્રીજા સૌથી મોટા દળ જેડીએસે પણ મતદારોને રીઝવવા માટે તમામ તાકાત લગાવી દીધી છે.

૨૨૪ સભ્યોની કર્ણાટક વિધાનસભા માટેના પ્રચાર દરમિયાન તમામ રાજકીય પક્ષોના નેતાઓએ લોકોને અપીલ કરી હતી કે તેઓ ચૂંટણીમાં બહુમતી આપે જેથી તેમની પાર્ટી મજબૂત અને સ્થિર સરકાર બનાવી શકે. કર્ણાટકમાં મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો દ્વારા અપીલ કરી છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે મતદાન લોકતંત્રમાં જનભાગીદારી સુનિશ્ચિત કરે છે અને તેથી વધુને વધુ લોકો મતદાન કરે તથા લોકશાહીમાં તેમની ભાગીદારી સુનિશ્ચિત કરે.

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને, ગોવામાં ભાજપની આગેવાની હેઠળની સરકારે ૧૦ મેને પેઈડ રજા તરીકે જાહેર કરી છે, જેમાં ખાનગી સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમોના કર્મચારીઓનો સમાવેશ થાય છે. જોકે, પ્રમોદ સાવંતના નેતૃત્વવાળી સરકારના આ નિર્ણયથી વિપક્ષી પાર્ટીઓ અને ઔદ્યોગિક એકમો ખુશ નથી.

૨૨૪ વિધાનસભા મતવિસ્તારોમાં ૫૮,૨૮૨ મતદાન મથકો બનાવવામાં આવશે. ૫૦% મતદાન મથકો પર વેબકાસ્ટિંગ સુવિધા ઉપલબ્ધ રહેશે. મહિલા અધિકારીઓ ૧૩૨૦ મતદાન મથકોનું સંચાલન કરશે.ચૂંટણીપંચ દ્વારા મતદાન માટે નવી વ્યવસ્થા શરૂ કરી છે. જેના કારણે હવે મતદારોને લાંબી લાઈનમાં ઉભા રહેવાની જરૂર નથી, હવે મતદારો હવે સેલ્ફીથી પણ વોટ નાંખી શકશે.. ચૂંટણી પંચ પોલિંગ બૂથ પર મતદારોની લાંબી લાઈનો ખતમ કરવા માટે ફેશિયલ રેકોગ્નિશ સિસ્ટમનો ઉપયોગ કરશે. આ માટે આયોગે એપ લોન્ચ કરી છે. જે તમે આ એપ તમે પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકશો. આ એપલિકેશન ડાઉનલોડ કર્યા બાદ તમારે પહેલા તમારી જાણકારી અને ફોટો અપલોડ કરવાનો રહેશે. ત્યારબાદ ડિટેલ વેરિફેક્શન થયા બાદ તમે વોટિંગ કરી શકશો.

ચૂંટણી પંચ આ પાયલોટ પ્રોજેક્ટને ટેક્નિકલી બેંગ્લુરુના એક કેન્દ્ર પર જ લાગુ કરશે. રિપોર્ટ મુજબ, આવતીકાલે ગર્વમેન્ટ રામાનારાયણ ચેલારામ કોલેજ, પૈલેસ રોડના રૂમ નંબર ૨માં જ ઉપયોગ કરવામાં આવશે. આ જગ્યા કર્ણાટકના ચીફ ઈલેક્ટોરલ ઓફિસરની ઓફસથી ખૂબ નજીક છે.છેલ્લાં ૩૮ વર્ષથી કર્ણાટકમાં સતત બે વાર કોઈ પણ પાર્ટીની સત્તા બની નથી. દર ૫ વર્ષે અહીં સરકાર બદલાય છે. ભાજપ આ પરંપરા તોડવા કમર કસી રહ્યો છે, તો બીજી બાજુ કોંગ્રેસ રાજ્યમાં સત્તા મેળવી લોકસભાની ચૂંટણી પહેલાં આત્મવિશ્વાસ વધારવા પ્રયાસ કરી રહ્યો છે.ઓપિનયન પોલમાં પીછેહઠ દર્શાવાતા જ ભાજપે રાજ્યમાં ખાસ કરીને અંતિમ તબક્કામાં સ્ટાર પ્રચારકોની ફોજ ઉતારી હતી. જેમાં સ્વયં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ ૨૦થી વધુ રેલીઓ તથા બેંગાલુરૂમાં બે જંગી રોડ શો કરી મતદારોને પોતાની તરફ આકર્ષવા પ્રયાસો કર્યા હતાં.ચૂંટણી અગાઉ કર્ણાટકમાંથી તપાસ સંસ્થાઓ દ્વારા ૩૭૫ કરોડની રોકડ સહિતની માલમત્તા જપ્ત કરાઈ છે. ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં ૨૯ માર્ચથી ચૂંટણીની આદર્શ આચાર સંહિતા લાગુ કરાઈ હતી. જપ્ત કરાયેલી માલમત્તામાં ૧૪૭ કરોડની રોકડ, ૮૪ કરોડની કિંમતનો શરાબ, ૯૭ કરોડનું સોનું અને ચાંદી, ૨૪ કરોડની વિવિધ ચીજ-વસ્તુઓ તથા ૨૪ કરોડની કિંમતની નશીલી દવાઓનો સમાવેશ થાય છે તેમ મુખ્ય ચૂંટણી અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું હતું. આ જપ્ત થયેલી વસ્તુઓ અંગે કુલ ૨,૮૯૬ જેટલી એફઆઈઆર નોંધવામાં આવી છે. જ્યારે ચૂંટણની જાહેરાત અગાઉ રાજ્યમાંથી કુલ ૫૮ કરોડની માલમત્તા જપ્ત કરાઈ હતી.

પૈસાની લેતીદેતીમાં ધિંગાણું

## ગાંધીનગરના ઈન્ફોસિટી ખાતે બે જુથ વચ્ચે મારામારી, એક શખ્સે જાહેરમાં ગન તાકતા દોડધામ મચી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૯

ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે ગઈકાલે રાત્રે પૈસાની લેતીદેતી વચ્ચે બે જુથ વચ્ચે ધિંગાણું ખેલાયુ હતું. એ દરમ્યાન એક શખ્સે પિસ્તોલ જાહેરમાં કાઢીને સામે વાળા જુથ સામે તાકતા નાસભાગ મચી ગઈ હતી. આ બનાવના પગલે ઈન્ફોસિટી પોલીસે ત્રણ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરગાસણનાં સ્વાગત એફોર્ડ ફ્લેટના બેઝમેન્ટ પાર્કિંગમાં બિનવારસી કારમાંથી ચાર હથિયારો અને ૨૩૬ કારતૂસ મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. હજી પોલીસ ઉક્ત ગુનાની તપાસમાં લાગી છે. ત્યારે ગઈકાલે રાત્રે ઈન્ફોસિટી ખાતે પૈસાની લેતીદેતીમાં પિસ્તોલ તાકીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધવામાં આવી છે. ગઈકાલે રાતના આઠેક વાગ્યાના અરસામાં ઈન્ફોસિટી ખાતે ટી સ્ટોલની સામે કેટલાય ઈસમો બેઠા હતા. એ દરમ્યાન પૈસાની લેતીદેતીમાં બે જુથ વચ્ચે ધિંગાણું થતાં અત્રેના વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. અચાનક બે જુથ વચ્ચે મારામારી થતાં લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

આ દરમ્યાન વાસણિયા મહાદેવનો જયપાલ સિંહ વાઘેલા નામનો યુવક ઈન્ફોસિટી પહોંચી ગયો હતો અને પોતાની પાસેની પિસ્તોલ બહાર કાઢીને સામેના યુવકો સામે તાકી દીધી હતી. જેનાં કારણે રંગપુરનાં યુવાનોમાં જીવ બચાવવા માટે દોડધામ મચી ગઈ હતી. આ બનાવના પગલે ઈન્ફોસિટી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળ પર દોડી ગયો હતો.

આ અંગે ઈન્ફોસિટી પીઆઈ વી ડી વાળાએ જણાવ્યું હતું કે, રંગપુર અને વાસણિયા મહાદેવના યુવાનો વચ્ચે પૈસાની લેતીદેતીમાં માથાકૂટ થઈ હતી. ૧૫ હજારની લેતીદેતીમાં ત્રણ હજારની ઉઘરાણી બાબતે બન્ને ગામના યુવાનો વચ્ચે મારામારી થઈ હતી. આ દરમ્યાન વાસણિયા મહાદેવના જયરાજસિંહ વાઘેલાએ આવીને અચાનક પિસ્તોલ કાઢીને જાહેરમાં યુવાનો સામે તાકી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા નાસભાગ મચી ગઈ હતી.

આ બનાવના પગલે રંગપુરનાં રવિરાજ સિંહ જગતસિંહ ચાવડાની ફરિયાદના આધારે વાસણિયા મહાદેવના જયરાજસિંહ વાઘેલા, દિગ્વિજયસિંહ વાઘેલા અને નીરજસિંહ વાઘેલા સામે ગુનો દાખલ કરાયો છે. જયારે પોલીસની તપાસમાં મોંઘી કિંમતની પિસ્તોલ મેઈડ ઈન તાઈવાનની હોવાનું ખુલ્યું છે. નોંધનીય છે કે ભુતકાળમાં ઈન્ફોસિટી અપનાં અડ્ડા ખાતે હિંસક અથડામણમાં એકની જાહેરમાં હત્યા કરી દેવાઈ હતી અને આરોપી અપનાં અડ્ડા સામેનાં રોડ પરની નોનવેજની લારી પર જઈને બેસી ગયો હતો.

## કડોદરા જીઆઈડીસી પોલીસે અંત્રોલી ગામમાંથી દારુની હેરાફેરી ઝડપી

(એ.આર.એલ),સુરત,તા.૯

સુરત જિલ્લાના અંત્રોલી ગામની સીમમાં લીસ્ટેડ બુટલેગર તેના સાગરીતો દારૂની હેરાફેરી કરે તે પહેલા જ કડોદરા જીઆઈડીસી પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૧૫.૯૧ લાખની કિમતનો દારૂ, એક કાર, એક બાઈક મળી કુલ ૨૧.૨૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જયારે આ ઘટનામાં લીસ્ટેડ બુટલેગર સહીત ૬ લોકોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. કડોદરા જીઆઈડીસી પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન બાતમી મળી હતી કે અંત્રોલી ગામની સીમમાં આવેલી અવાવરું જગ્યામાં માથાભારે લીસ્ટેડ બુટલેગર ઈશ્વર વાંસફોડાએ વિદેશી દારૂનો જત્થો મગાવ્યો છે અને ત્યાંથી હેરાફેરી થઈ રહી છે. બાતમીના આધારે કડોદરા જીઆઈડીસી પોલીસે અહી દરોડો પાડ્યો હતો. પોલીસના દરોડાના પગલે લીસ્ટેડ બુટલેગર અને તેના સાગરીતો અંધારાનો અને કાચા સિંગલ રસ્તાનો લાભ લઈ કારમાં બેસી ફરાર થઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી ૧૫.૯૧ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો, ૫ લાખની કિંમતની એક કાર તેમજ ૩૦ હજારની કિંમતની એક બાઈક મળી કુલ ૨૧.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ આ ઘટનામાં લીસ્ટેડ બુટલેગર ઈશ્વર રમેશભાઈ વાંસફોડા ઉપરાંત પ્રકાશ રમેશભાઈ વાંસફોડા, કાર્તિક નટવરભાઈ વાંસફોડા, રોહિત દિનેશભાઈ વાંસફોડા, પ્રવીણ સોમાભાઈ વાંસફોડા અને સદામ નિઝામ શેખને વોન્ટેડ જાહેર કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ સુરતના ડભોલી વિસ્તારમાં રહેતા કોસ્મેટીક પ્રોડક્ટના વેપારીની પત્ની સાથે છેતરપિંડી કરનાર શખ્સની પોલીસે ધરપકડ કરી છે. વેપારીની પત્ની પાસેથી ટુકડે-ટુકડે ૧૭.૧૧ લાખ રૂપિયા પડાવી લેનાર ૪૩ વર્ષીય લલીતકુમાર નામના શખ્સને સાઈબર ક્રાઈમે જયપુરથી ઝડપી પાડ્યો છેપજયારે તેની પત્ની અને દીકરો ફરાર છે.

ગુજરાતમાં લૂ અને આકરા તાપની આગાહી

## ઉત્તરના પવનો શરૂ થતાં રાજ્યમાં ગરમીનો પારો ૫ ડિગ્રી વધી શકે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૯

ગુજરાતમાં કમોસમી વરસાદના માર બાદ હવે લોકોને ગરમીમાં સેકાવાનો વારો આવવાનો છે. વાતાવરણના ઉપલા લેવલે સક્રિય થયેલી હાઈપ્રેશર સિસ્ટમની અસરથી રાજ્યમાં ગરમીનો પારો વધ્યો છે. ગત સોમવારે રાજ્યના ૯ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી પાર કરી ગયો હતો. ગઈકાલે અમદાવાદનું ૪૧.૬ ડિગ્રી, રાજકોટનું ૪૧.૭ ડિગ્રી અને સુરતનું ૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન પહોંચ્યું હતું. અમદાવાદમાં આગામી બે દિવસ ગરમીનો પારો ૪૩થી ૪૫ ડિગ્રી સુધી પહોંચી જવાની શક્યતાને જોતાં કોર્પોરેશને ઓરેન્જ એલર્ટ જાહેર કરી છે. સાથે નાગરીકોએ શું કાળજી રાખવી તેની એડવાયઝરી બહાર પાડવામાં આવી છે. મ્યુનિ. તમામ આરોગ્ય કેન્દ્રો તેમજ મ્ૂજી અને છસ્જીના કેટલાક સ્ટેન્ડ પર ઓઆરએસના પેકેટ પણ મૂકવામાં આવશે. ૧૪મી બાદ તાપમાન ઘટીને ૩૬ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

વાતાવરણના ઉપલા લેવલે સક્રિય થયેલી હાઈપ્રેશર સિસ્ટમની અસરથી અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો પારો વધ્યો છે. ગઈકાલે અમદાવાદમાં બપોરે ૧૨ વાગ્યે જ ગરમીનો પારો ૩૬ ડિગ્રીએ પહોંચી ગયો હતો. અમદાવાદ સહિત રાજ્યના ૯ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી પાર કરી ગયો હતો. એક ખાનગી હવામાન વેબસાઈટના આંકડાઓ મુજબ, સાંજે ૫.૩૦ કલાકે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયું હતું. બપોરના ૧૨થી ૩ના ગાળામાં ગરમીનો પારો ૩ ડિગ્રી વધ્યો હતો. બે દિવસમાં પારો ૪૩થી ૪૪ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે. સોમવારે સૌથી વધુ ૪૨ ડિગ્રી ગરમી સુરેન્દ્રનગરમાં નોંધાઈ હતી. પછી અમદાવાદ બીજા ક્રમે હતું. રાજકોટમાં ૪૧.૭ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૧.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

મેની શરૂઆતથી જ ગરમીનો પારો ઊંચકાતાં પ્રથમ સપ્તાહમાં ૧૦૮ એમબ્યુલન્સ દ્વારા ૪૬૫ લોકોને પેટના દુઃખાવા અને ૩૦૪ લોકોનો ચક્કર સાથે બેભાન થવાની તકલીફમાં સારવાર અપાઈ હોવાનું જાણવા મળ્યું છે. ૧થી ૭ મે દરમિયાન ૧૦૮ એમબ્યુલન્સને અમદાવાદના વિવિધ વિસ્તારોમાં મળીને ગરમીને કારણે પેટમાં દુખાવો, ડાયેરીયા-વોમિટિંગ સહિતના ૧૧૫૧ કોલ મળ્યા હતા.

સોમવારે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી અને લઘુત્તમ ૨૭.૪ ડિગ્રી નોંધાયું હતું. રવિવાર કરતા મહત્તમમાં ૧.૨ ડિગ્રીનો વધારો અને લઘુત્તમમાં સામાન્ય વધારો થયો છે. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ ૬૯ ટકા અને સાંજે ૫૪ ટકા નોંધાયું હતું. સાઉથ-વેસ્ટ દિશાથી ૭ કિમીની ગતિએ પવન ફૂંકાયા હતા. આજથી ૪ દિવસ સુધી પારો ૪૦ ડિગ્રી ઉપર રહેશે, ત્યારબાદ ઘટશે. ૧૪મીથી મહત્તમ તાપમાન ગગડીને ૩૫થી ૩૬ ડિગ્રી ઉતરી જવાની પણ શક્યતા છે.

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

## જામનગરમાં અંધઆશ્રમ આવાસ કોલોની વિસ્તારમાંથી એલસીબીની ટીમે કુટણખાનું ઝડપી ઉપાડ્યું

(એ.આર.એલ),જામનગર,તા.૯

જામનગરમાં અંધાશ્રમ આવાસ કોલોની માં રહેતી એક મહિલા દ્વારા પોતાના રહેણાક મકાનમાં દેહ વિક્રીયનો વેપાર કરવા માટે કુટણખાનું ચલાવાતું હોવાની ઘટના સામે આવી છે. ગઈ રાત્રે એલસીબીની ટુકડીએ બાતમીના આધારે અંધાશ્રમમાં દરોડો પાડચો હતો. જે કુટણખાનામાંથી બે પુરુષ ગ્રાહકોની હવસ સંતોષવા માટે પશ્ચિમ બંગાળથી બોલાવાયેલી બે યુવતીઓ પણ મળી આવી હતી. પોલીસે કુટણખાનું ચલાવનાર મહિલા અને બે પુરુષ ગ્રાહકોની અટકાયત કરી છે. કુટણખાનામાંથી રોકડ રકમ કબજે કરી છે.

આ દરોડા ની વિગત એવી છે કે જામનગરમાં અંધાશ્રમમાં આવાસ કોલોની ના બ્લોક નંબર ૩૩-૧ માં રહેતી નીતાબેન મહેન્દ્રભાઈ ઉર્ફે દલુ માવજીભાઈ વાળા નામની મહિલા કે જે સિલાઈ કામનો વ્યવસાય કરે છે, પરંતુ તેની આડ માં કુટણખાનું ચલાવી રહી છે અને પુરુષ ગ્રાહકોની હવસ સંતોષવા માટે બહારના રાજ્યમાંથી યુવતીઓને બોલાવી પોતાના રહેણાંક મકાનમાં દેહવિક્રિયનો વ્યવસાય ચલાવવામાં આવી રહ્યો છે, તેવી બાતમીના આધારે એલસીબી ની ટીમે ગઈ રાત્રે દરોડો પાડયો હતો.

જે દરોડા દરમિયાન ઉપરોક્ત રહેણાંક મકાનમાંથી બે પુરુષ ગ્રાહકો મળી આવ્યા હતા. જેના માટે બે યુવતીઓને હવસ સંતોષવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસની પૂછપરછ દરમિયાન પશ્ચિમ બંગાળના કલકત્તામાંથી બે યુવતીઓને બોલાવવામાં આવી હતી. જેમાં એક યુવતી એક સપ્તાહ પહેલા આવી હતી, જ્યારે બીજી યુવતી થોડા દિવસ પહેલા જ આવી હતી.

એલસીબી ની ટીમે ઉપરોક્ત રહેણાંક મકાનમાંથી નીતાબેન ઉપરાંત બે પુરુષ ગ્રાહકો જેમાં જામનગરમાં સિલ્વર સોસાયટી ટીટોડી વાળી વિસ્તારમાં રહેતા સલીમ ઈકબાલભાઈ પિંજારા ઉંમર વર્ષ ૨૪, તેમજ મૂળ અર્નાકુલમના વતની અને હાલ જામનગર નજીક મોટી ખાવડીમાં રહેતા નિખીલ જયધવન નામના ૨૧ વર્ષના શખ્સ ની અટકાયત કરી લીધી હતી.

એલસીબીની ટીમે કુટણખાનામાંથી દેહવ્યાપારનો ધંધો કરાવી તેમાંથી એકત્ર કરાયેલી રૂપિયા ૧૭૦૦ ની રોકડ રકમ બે નંગ મોબાઈલ ફોન સહિતની વસ્તુઓ કબજે કરી હતી. જ્યારે બે પરપ્રાંતીય યુવતીઓ કે તેઓના નિવેદન નોંધી તેઓને સાક્ષી બનાવાઈ છે. અને આ મામલે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં આઈપીસી કલમ ૩૭૦-૩ તથા ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્સન રક્ત ૧૯૫૬ ના કાયદાની કલમ૩-૧,૪-૧,૫-૧બી,૬-૨ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

## મા


રાજુલ કૌશિક(અમેરિકા)

સમગ્ર સંસારનો સાર એક શબ્દમાં સમાઈ જાય એ છે, 'મા'

'મા'નાં કેટલાં સ્વરૂપ!

સૌ પ્રથમ શક્તિરૂપા જગતજનની માપજેમના પ્રત્યે મારી મા અને પપ્પાને અપાર આસ્થા હતી.

પ્રથમ પ્રણામ આજે એ પરમશક્તિને.

મારી મમ્મીપ એનાં માટે તો પાનાંઓમાંય ન સમાય એટલું કહેવું છે, પણ એનાં માટે બે શબ્દ..

સ્વયંસિદ્ધા અને શતરૂપા.

મમ્મી અગિયાર વર્ષની હતી ત્યારે ન કળાય એવી બીમારીને લીધે એની મા અવસાન પામી. એ સમયે એટલી સુવિધા નહોતી કે, ફોન કરીને તાત્કાલિક ડૉક્ટરને બોલાવી શકાય. એ રાત્રે મારી મમ્મીએ ડૉક્ટર બનવાનો નિશ્ચય કર્યો. અનેક વિટંબણા, અનેકાધિક સમસ્યાઓની સામે ટકીને અગિયાર વર્ષેની ઉંમરે સ્વયંને આપેલું વચન નિભાવ્યું. માટે એ સ્વંયંસિદ્ધા.

મમ્મીએ નાનપણમાં એની માને ખોઈ હતી. મા વગર મોટાં થવું કેટલું અઘરૂં છે એવું જ્યારે એને પૂછ્યું છે ત્યારે એની આંખમાં ઉદાસી જોઈ છે. એ એનાં જીવનની સૌથી મોટી ખોટ હતી, જેનાં લીધે લાગણીથી છલોછલ હોવા છતાં હૃદયના કોઈ ખૂણે સાવ સૂની હતી...મા વગર અનેકવાર, અનેક વાતે એણે ખોટ અનુભવી હશે, એણે ક્યારેય કોઈ ખોટનો અનુભવ અમને થવા નથી દીધો.

મા હતી સાથે એ ડૉક્ટર હતી. પરિવાર, સંસાર અને સમાજને પ્રત્યેક સ્વરૂપે સંપૂર્ણ સમર્પિત થઈને એણે કર્તવ્યનિષ્ઠતા નિભાવી છે. એટલે એને શતરૂપા જ કહીશ. ન્દ્રી ર્એ સ્ફ્રક્ર.

બીજી એક માપ અમારી શારદાબા.

એક એવી યશોદા જેણે અતિ મમતાથી અમને મોટાં કર્યાં. દ્વાપર યુગથી માંડીને આજ સુધી શ્રી કૃષ્ણનાં નામ સાથે એક નામ જોડાયેલું છે- યશોદા. યશોદા ત્યારે હતી અને વર્તમાન યુગમાં પણ છે...

આમ તો શારદાબા, એ નહોતી અમારી નાની કે નહોતી દાદી, પણ નાની અને દાદીની જેમ એણે સ્નેહ આપ્યો.

મારી મમ્મીની સાથે સાથે, મમ્મીની જેમ આંગળી પકડીને અમને ચાલતાં શીખવ્યું. જીવનની રીત શીખવી. આજે મધર્સ ડે પર એ યશોદા, અમારી શારદાબાને પ્રણામ.

ત્રીજી માપ.મારાં મમ્મીજી.

એક નાજુક છોડને એનાં મૂળસોતો ઉખાડીને અલગ વાતાવરણમાં રોપીએ તો શક્ય છે કદાચ એ કરમાઈ જાય. એમ એક ઘરમાં ઉછરેલી છોકરી પરણીને બીજા ઘેર જાય ત્યાં રીતરિવાજ,પરંપરા, વ્યહવાર અલગ હોય ત્યારે, "ભલે તું તારાં મૂળથી દૂર જુદા કુળમાં આવી. તને એ ધરતી નહીં મળે, પણ અમારા પ્રેમનું ખાતર તને અહીં મૂરઝાવાં નહીં દે." આવા શબ્દોની આળપંપાળ વગર મમ્મીજીએ પ્રેમથી સાચવી લીધી. એમના માટે 'મમ્મી' સિવાય બીજો કોઈ ભાવ કે શબ્દ મનમાં આવ્યો નથી.

આજે મમ્મીજીને પણ પ્રણામ.

---

## અદૃશ્ય દેવદૂત-


પ્રીતિ શાહ - સેનગુપ્તા(અમેરિકા)

જીવનના પ્રવાહમાં વહેતાં,તરતાં-ડૂબતાં, ક્યારેક એક ઘડી પણ પાછું વાળીને જોઉં છું તો લાગે છે, કે બધું છૂટતું ગયું છે- દેશ, શહેર, ઘર, મા-બાપ અને જીવ પણ જાણે કશા પણ વગર ચલાવી લેતો થઈ ગયો છે. ને તોયે, માતા વગરનું જીવન જાણે સંદર્ભ વગરનું થઈને રહ્યું છે. અસંખ્ય વર્ષો થઈ ગયાં નમાયાં થયે, છતાં મનમાંથી ક્યાં જાય છે રોષનો ફરિયાદનો સૂર.

માતા આસપાસ હોય છે ત્યારે એ ખ્યાલ નથી આવતો કે એમની પાસે આપણે કેટલું પામતાં હોઈએ છીએ. માતા જન્મદાત્રી જ નહીં, જીવનદાત્રી હોય છે. હું હંમેશાં કહેતી આવી છું કે આદર્શવાદ મને પિતા પાસેથી મળ્યો, ને માતા પાસેથી મને મળ્યો સૌંદર્યવાદ. જે બધું સુંદર છે, કળાત્મક છે તેને માણવાની, સમજવાની મારી દૃષ્ટિ એમના વ્યક્તિત્વ અને એમના વિવિધ કૌશલ્ય દ્વારા આપોઆપ જ, બાળપણથી જ ખુલતી ગઈ.

અનેકવિધ કળા પ્રત્યેનો અભિગમ ભારતના સંદર્ભે શરૂ થયેલો, ને પછી પરદેશમાં વસતી થઈ ત્યાં પાશ્ચાત્ય શૈલીઓના સંદર્ભે પણ એ વ્યાપક બન્યો. એમણે બીજ રોપ્યું એ પાંગર્યું, એમણે ધ્યાન દોર્યું તો મન-બુદ્ધિને દિશા મળી.

એમને ઘણી બાબતોનો શોખ, ઘણી બાબતોની કોઠાસૂઝ, બુદ્ધિપૂર્વકની વિનોદ-વૃત્તિ. લોકો એમની સલાહ લે, ને દાક્તરો એમની સાથે ચર્ચા કરે. રસોઈવાળા ઘરમાં, રસોડામાં ગયા વગર એ અન્નપૂર્ણા જેવાં બન્યાં. હૃદયમાં ખૂબ સ્નેહ-ભાવ છતાં માતાને કોઈ સંપૂર્ણપણે જાણતું હોય છે? આપણે માટે તો એ કેવળ માતા હોય છે, જાણે વ્યક્તિ નહીં.

જીવનમાં બે પરિબળોથી મારું જીવન ઘડાયું- સ્નેહ અને શિસ્ત. એક તરફ જીવ ખૂબ લાગણીપ્રધાન હતો, પણ પરદેશમાં વસી ત્યારે માનસિક હિંમત પણ વિકસી. એ મારી ચિંતા તો ઘણી કરતાં, પણ મારા મનની મક્કમતા જોઈને અંદરોઅંદર ખુશ પણ થતાં. અમેરિકાથી નિયમિત રીતે હું એમને કાગળ લખતી. કુલ છસો-સાડા છસો તો લખ્યા જ લખ્યા જ હશે. જ્યારે હું અમદાવાદ જાઉં ત્યારે મારી પાસે જ ફડાવે. જાતે ફાડતાં કે ફેંકી દેતાં એમનો જીવ ના ચાલે.

મારા જીવનમાંથી મમ્મી બહુ વહેલાં જતાં રહ્યાં- હું બરાબર સ્થાયી થાઉં કે કૈંક પાંગરું તે પહેલાં. મારા સહૃદયી પતિને એ ચારેક વાર મળેલાં, ને એમને એ ઘણા ગમી ગયેલા. મારી ખૂબ કાળજી એ લેશે એવી એમને પાકી ખાતરી થઈ હતી, પણ મને પાકી ખાતરી છે, કે કોઈ અદૃશ્ય દેવદૂતની જેમ, એ પોતે જ મને સાચવે છે. નહીં તો કઈ રીતે બચી હોત હું અત્યાર સુધી?

---


નિશા બુટાણી (સ્વીટ્ઝર્લેન્ડ)

હિસાબ લગાવીને જોઈ લો, દુનિયાના દરેક સંબંધમાં કંઈક ઓછુંવતું નીકળશે ફક્ત એક માતાનો જ પ્રેમ છે જે બીજા બધા સંબધોથી નવ મહિના વધુ નીકળશે.

કોઈ ગર્ભવતી સ્ત્રી જયારે તેના પેટમાં રહેલ બાળકની પહેલી લાતનો અનુભવ કરે છે, ત્યારથી પોતે માતા બનવાના અનુભવનો આનંદ લેવા લાગે છે. એકવાર એ લાતના અનુભવ પછી મા ઊંઘમાં પણ સજાગ રહે છે, જેથી તે તેનાં બાળકની બીજી લાતનો અનુભવ ખોઈ ના બેસે.

બાળકના જન્મ પછી જયારે માતા બાળકને સ્તનપાન કરવાતી હોય ત્યારે એક સ્તનથી દૂધ પીતું બાળક બીજાં સ્તન પર પાટા મારતું હોય છે. એક મા જ તો છે જે પાટા ખાઈને પણ પેટ તો ભરાવી શકે.

મા સહાનુભૂતિ છે, લાગણી છે, એક અહેસાસ છે. બચપણને યાદ કરીએ એટલે સૌથી પહેલાં મા યાદ આવે. પોતાનું બાળક જમવા બેઠું હોય અને જેવી તેની નજર આજુબાજુ ફરે સૌથી પહેલાં મા સમજી જાય કે તેના બાળકને મીઠું જોઈએ છે કે લીંબુ. રોટલી બનાવતી વખતે માના હાથમાં ખણકતી બંગડી, ઉતાવળે કામ પતાવતી માના પગનાં ઝાંઝરનો ઝણકાર, તેના પાલવથી મોઢું લૂછતાં સમયે લીધેલી તેની સુગંધ, કપાળે ઝગમગતો ચાંદલો અને ક્યારેય માથાના અંબોડામાં નાખેલું એક ગુલાબ, જેનાં હૈયામાં હેત અને આંખોમાં આશીર્વાદ, તેવું છે એક માનું રૂપ.

ખૂબ કોમળ લગતી માના બાળકો સામે કોઈ એક આંગળી તો ચીંધી જુવે, એ કોમળ મા જગદંબાનું રૂપ લેતાં પણ ખચકાશે નહીં. નાનું બાળક ખેતરમાં રમતું હોય અને અચાનક તેની બાજુમાં લાંબો કાળો ડરામણો સાપ આવી જાય, ખેતરમાં કામ કરતી એ સામાન્ય લાગતી માનું ધ્યાન જાય અને દોડતી આવીને એ સાપને પૂંછડીએથી પકડી હવામાં ફગાવી દે, આવા તો અનેક કિસ્સાઓ ગામની સીમમાં સાંભળવા મળશે.

બીજી એક વાતની પણ મેં નોંધ લીધી છે, માની લો કોઈ એક ઘરમાં ત્રણ ખાવાવાળા હોય અને પ્લેટમાં મીઠાઈનાં બે જ ઢેફલાં હોય ત્યારે ત્યાં રહેલ મા એમ જ કહેશે કે, મને તો આજે મીઠાઈ ખાવાની જરાય ઈચ્છા નથી. પોતાના ઘરના તેનો આનંદ ઉઠાવે તે માટે એક મા ઘણીવાર આવું ખોટું પણ બોલતી હોય છે. જરુર પડે તમને ખીજાશે પણ ખીજાઈને પોતે જ રડશે.. તે મા.

પોતાની બધી ખુશી, મહત્વકાંક્ષા, પ્રેમ, હેત બાળક પર ન્યોછાવર કરી દે તે મા.

જોકે માતા પિતાના અતૂટ પ્રેમનો મતલબ આપણે જયારે માતા-પિતા બનીએ ત્યારે જ સમજી શકીએ.

Mother's Day પર દુનિયાની દરેક માતાને મારા વંદન..

---

## સંવેદના મૂર્તિ મા


ભરત સાંગાણી.(અમદાવાદ)

માનું હેત એટલે પ્રેમની ગંગાનું વહેતુ ઝરણું. તેમાં ચરણ પખાળી બાળ પવિત્ર બને.

મા નવ મહિના પેટનો ભાર આનંદ સાથે ખમે અને જન્મ આપી સંતાનના ઉછેર માટે જાતને ઘસતી રહે. પોતે ભૂખી રહી વહાલથી જમાડે હોઠ પર મુસ્કાન સદા, હંમેશાં એવો ભાવ કે મારાં બાલુડાંને કોઈ તકલીફ ન પડે.

દરેક મા બાળકનાં સ્વરૂપ- અપંગ,મેન્ટલી રિટાર્ડેડ કે સ્વસ્થ હોય તે પ્રત્યે તેના મનમાં કોઈ ભેદ નહીં. દીકરાની મર્યાદાઓને સહજ સ્વીકારે અને સક્ષમતાને ઉમળકાથી આવકારે એટલે મા.




ડાઈનિંગ ટેબલ પર બેસી જમતાં હોઈએ અને પાણી પીવાની ઈચ્છા થાય ને ત્યાં મા પાણીનો ગ્લાસ લઈને આવે, એમ લાગે કે માને કંઈ કીધા વગર, મારા મનની વાત ખબર કેવી રીતે પડી જાય છે?

તેના વિચારોમાં સદા સંતાનની પ્રગતિ, વેદના અને વમળોને અગત્યતા. પોતાની જરૂરિયાતોને ક્યારેય અગત્યતા નહીં.

દીકરો જમે અને પેટ માનું ભરાય. પોતે ગમે તેટલી થાકેલી હોય, પગ દુ:ખતાં હોય, તો પણ નિશાળેથી આવતાં કે કામ પરથી ઘરે આવતા, પોતાના સંતાનૌ િાજૌૈર્દૃ કં ૌક્િપ્ની તે તેનાં જમવાની કે નાસ્તાની કે ચા બનાવવાની તૈયારી કરી તેને પીરસશે.

વજન ઘટાડવું હોય તો મા સામે જમાય નહીં. કેમ ભૂખ્યો રહે છે કહીને બે રોટલી વધુ પીરસશે.

મા સંવેદનાની મૂર્તિ છે. જિંદગીભર ઓછું સૂવે છે, દીકરાઓના અરમાનો માટે જાગે છે. મા કદી થાકતી નથી.

ઘરના એક ખૂણે તે ચુપચાપ રડી લેશે પણ સામે તો તે હસતી હસતી આવશે.

તેને સંતાનની ભૂલ દેખાતી નથી, હશે કહીને વાત વાળી લેશે, હળવેથી કહેશે, બેટા, બીજીવાર ધ્યાન રાખજે.

તેનાં હાથ ભલે ધ્રુજતા હોય, પણ સદાય મજબૂત આશીર્વાદ આપતી રહે છે.

મારા અણુ અણુથી પરિચિત તેને કશું કહેવું નથી પડતું, શબ્દોની તેને જરૂર નથી આંખમાં આંખ પરોવી મનની વાત જાણી લે છે, તે મા છે.

પ્રભુ પાસે પણ પોતાનાં માટે કશું માગતી નથી, સંતાનોની સફળતા માટે જ પ્રાર્થના કરે છે.

સુઈ જઈએ એટલે હળવેથી ઓઢવાનું ઓઢાડી દે છે અને અમી નજરથી મીઠી નીંદરમાં પોઢેલા બાળકને જોઈ હળવા સ્મિત સાથે હળવેથી દરવાજો બંધ કરી નીકળી જાય છે. ક્યાંય વચ્ચે નથી આવતી.


માના પ્રેમવિશ્વમાં બાળકનું જતન થાય છે.

માની વાત કરતાં પ્રેમાળ મમ્મી માટે લાગણીઓ હૃદયથી છલકે છે, કવિના શબ્દો યાદ આવે છે:

×રોટલીની કોરથી ડબ્બામાં ઘી ઝર્યું લાગે છે,
ટિફિન આજે ચોક્કસ મા એ ભર્યું લાગે છે.

---

## જનનીની જોડ સખી નહી જડે રે લોલ


મોહનભાઈ પરમાર
"આનંદ"(વડોદરા)

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી નહિ જડે રે લોલ (૨)

ફૂલોનાં રસમાં થઈ મધમાખી મધ બનાવે છે, અને વરસાદ પણ અમૃત થઈ ધરતી વરસે છે તેથી વિશ્વનુ

ભરણપોષણ થાય છે.એમ જનની પણ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દે છે ત્યારે આ વિશ્વમાં મધુરતા જોવા મળે છે.

એ માતાનું સર્જન તો પરમાત્મા એ પ્રેમની પૂતળી બનાવીને કર્યું છે. ત્યાગની મૂર્તિ , માતા હંમેશા પોતાના સંતાનો માટે અન્નપૂર્ણાનો અવતાર છે. જગતનાં સ્વાર્થી સંબંધોથી પર છે.

માંની આંખોમાંથી હંમેશા વ્હાલા વરસતું રહે છે.તમે ગમે તેટલા તોફાની હો, કે કંઈક ગુનો કર્યો હોય છતાં માતૃ હૃદય કોમળ હોવાથી ક્ષમાશીલ છે, એની આંખો માંથી હંમેશા પ્રેમનું ઝરણું આશિર્વાદ બની વહેતું રહે છે. માના હાથમાં હીર છે ,સત્વ છે, અને હૈયું એ સોનાની હેલ છે, એ અમૃત ભરેલું છે. માં મમતાની સુવર્ણ મૂર્તિ તરીકે માતૃત્વ કંડાર્યુ છે.

ચંદ્ર માં એમ કહીને સંબોધન કરીએ ,છે,કારણ કે ચંદ્રના કિરણો અમી વર્ષા કરેછે, માટે જ અન્ન,ફળ આદિ પુષ્ટિ પામે છે,એમ મજગતમાં પુષ્ટિકારક છે,એવો ભાવાર્થ પ્રગટ થાય છે.એ માતૃત્વ સ્વરૂપ અમી દેવોને પણ દુર્લભ છે.

માં ની ટચલી આંગળી ઝાલીને જ બાળક ચાલતું થાય છે , માં ના વિશાળ હૃદય સ્પર્શી ને નૂતન કલ્પના અને કોડ હોય છે કે મારું સંતાન મહાન બને.

માંનું ચિંતન હંમેશા બાળકો માં જ રહેલું છે, પ્રગતિમાં આવતા વિઘ્ન,અવરોધના કારણે એનો જીવ પડીકે બંધાઈ જાય છે. ધરતી પણ માતા છે,છતાંય કોઈક વાર ભૂકંપના કારણે ઘણી હાનિ થાય છે, તેથી કવિશ્રી કહે છે કે માતા તો અચળ છે, ધરતી હાલી જાય ,પણ માં પોતાના સંતાનો પર ઊની આંચ આવવા દેતી નથી. સૌ નદીઓમાં ગંગા પવિત્ર નદી છે, છતાંય એમાં પણ પૂર આવે છે, નીર વધઘટ થાય છે,પણ માતાનો પ્રેમ

સંતાનો માટે એકધારો વહ્યા કરે છે વાદળો તો ઘડીક ચઢશે અને વરસાદ વરસે ખરો પવનમાં ખેંચાઈ પણ જાય,પરંતુ માં રૂપી મેઘ અસ્ખલિત જિંદગી ભર વરસ્યા કરે છે. ચંદ્રની ચાંદની પણ વધઘટ થાય છે પરંતુ માતાનો પ્રેમ તો હંમેશા પૂર્ણિમા જ બની રહે છે.આમ , માતા અજોડ છે, તુલના કોઈ ની સાથે થઈ શકે જ નહીં.

---

## મા


નિખિલ કિનારીવાળા,
(અમદાવાદ)

અમેરિકા, ભારત, ઓસ્ટ્રેલિયા સહિત ઘણા બધા દેશોમાં મધર્સ ડેની ઉજવણી દર વર્ષે મે મહિનાનાં બીજા રવિવારે થાય છે. આ વર્ષે મધર્સ ડે ૧૪મી મે ૨૦૨૩ને રવિવારના દિવસે ઊજવાશે . મધર્સ ડેની ઉજવણીમાં પોતાના જીવન સાથે સંકળાયેલી માતાઓને તેમનાં વાત્સલ્ય, નિસ્વાર્થ પ્રેમ અને મમતાને સન્માનપૂર્વક યાદ કરીને પ્રતીકાત્મક રીતે આદર વ્યક્ત કરી બિરદાવવામાં આવે છે.

મા શબ્દથી કોણ અજાણ હશે? ભાંખોડિયાં ભરતું બાળક સૌથી પહેલો કોઈ શબ્દ બોલતાં શીખતું હોય તો તે છે 'મા'. બાળકના મુખેથી પહેલવહેલું સંભળાતું મા શબ્દનું કાલુઘેલુ સંબોધન માતાને સ્વર્ગના સુખની અનુભૂતિ કરાવે છે. આ ધરતી પર અસ્તિત્વમાં આવેલો મા-બાળકનો સંબંધ સૌથી પવિત્ર સંબંધ ગણાય છે. આ સંબંધને કોઈ પ્રમાણની જરૂર નથી. એકબીજા પ્રત્યેનું ખેંચાણ, લાગણી અને સંવેદનાઓ કુદરતી છે અને ઈશ્વરીય શક્તિઓથી પ્રેરિત છે. માતાની એનાં બાળક પ્રત્યેની મમતા હંમેશા અણિશુદ્ધ રહી છે અને રહેશે. માતાની મમતામાં કોઈ ભેગ કે સ્વાર્થ હોતો નથી. મોટું થાય ત્યારે કદાચ સંતાનના વર્તનમાં સ્વાર્થ ઉમેરાય પણ માતાની તેનાં પ્રત્યેની મમતા અને ખેંચાણ એનાં મૂળ સ્વરૂપે નિસ્વાર્થ અને યથાવત રહે છે.

સામાન્યતઃ માતા તેમના સંતાનોનાં સંસ્કારસિંચન અને પ્રાથમિક કેળવણી માટે અધિકારી અને જવાબદાર ગણાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે અભિમન્યુએ યુદ્ધમાં વ્યૂહાત્મક કોઠા વીંધવાની કળા તેની માતાના ગર્ભમાં પ્રાપ્ત કરી હતી અને મહાભારતનાં યુદ્ધમાં તેનું શ્રેષ્ઠ નિદર્શન પણ કર્યું હતું. ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાં જન્મ આપનાર માતા દેવકી અને પાલન કરનાર માતા યશોદા બંને સન્માન ભર્યાં સ્થાને છે. માતા જીજાબાઈએ શિવાજીમાં રોપેલાં દેશપ્રેમ અને નિર્ભયતાનાં ગુણો આજે પણ ઈતિહાસ યાદ કરે છે. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ પણ બાળદત્તાત્રેય સ્વરૂપે માતા અનસૂયાને ત્યાં અવતર્યા હતા. ગુજરાતી કાવ્ય 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' માં માતાના વ્યક્તિત્વને ઉજાગર કરાયું છે અને કહેવત 'મા તે મા, બાકી સૌ વગડાના વા' દરેકના જીવનમાં પોતાની માતાનાં સ્થાનની મહત્તા બતાવે છે. નવ મહિના પોતાની કૂખમાં ગર્ભ ધારણ કર્યા પછી સ્ત્રી સંતાનને જન્મ આપીને માતાના સ્વરૂપમાં નવો અવતાર મેળવે છે. માતા એટલે છલોછલ પ્રેમ અને લાગણીનો સ્ત્રોત. નાનપણમાં પોતે ભીનામાં સૂઈ સંતાનને સૂકામાં સુવડાવે, પોતે ભૂખી રહી પોતાના સંતાનને મિષ્ટાન્ન ખવડાવે તે મા. સંતાનની તકલીફમાં આગળ ઢાલ બનીને ઉભી રહી જાય તે મા . ઠોકર ખાતાં સંતાનને 'ખમ્મા મારાં લાલ' કહીને હળવેથી જીવનમાં આગળ વધવાનું જોમ ભરતી રહે તે મા .

આવી દરેક માતાઓને 'મધર્સ ડે' નિમિત્તે આદરપૂર્વક નમન.

---

## મમ્મા


અલ્પા શાહ (અમેરીકા)

મા - જેણે મને આખેઆખી લખી છે, સર્જી છે, જેની હું જન્મોજન્મની ઋણી છું એ જન્મદાત્રી મા-મમ્મી વિષે લખવા માટે હું મહદંશે અસમર્થ છું. ઈશ્વરે મારી મમ્મીને સોળ વર્ષો પહેલાં પોતાની સેવામાં બોલાવી લીધી. મમ્મીના ગયા પછી અંતરમાં એક અજબનો ખાલીપો વર્તાવા લાગ્યો હતો. બધુંય હોવા છતાં કશુંય ન હોવાનો અહેસાસ થતો હતો. વર્ષો સુધી એ ખાલીપાને અંતરમાં ધરબી રાખ્યો અને જીવન જીવાતું ગયું....પણ અચાનક ત્રણ વર્ષ પહેલા એક પ્રેમાળ, હેતાળ વ્યક્તિત્વનો મારી જિંદગીમાં પ્રવેશ થયો અને તેમના નિસ્વાર્થ પ્રેમ અને વહાલની ધારાથી મારા અંતરનો ખાલીપો ધીરે ધીરે ભરાવા લાગ્યો...મમ્મીના ગયા પછી મમ્મી જેવું ધ્યાન કોઈ રાખવા લાગ્યું... આ કવિતા એ પ્રેમ સભર વ્યક્તિવને, મારા મમ્માને સપ્રેમ અર્પણ...

આ સઘળું મને એક સ્વપ્ન સરીખું લાગે
મમ્મીના ગયા પછી, કોઈ મમ્મી જેવું ધ્યાન રાખે
જિંદગીના કેનવાસનું ચિત્ર પૂરું થતું લાગે
મમ્મીના ગયા પછી, કોઈ મમ્મી જેવું ધ્યાન રાખે
નથી અહીં કોઈ વાદ, નથી કોઈ વિવાદ
નથી અહીં એકમેકની સામે કોઈ ફરિયાદ
વહાલપનું સંગીત અહીં સતત ગૂંજતું લાગે
મમ્મીના ગયા પછી, કોઈ મમ્મી જેવું ધ્યાન રાખે
જેવી છું તેવી ગઈ છું હું અહીં સ્વીકારાઈ
ખૂબી સાથે ખામીનેય સહર્ષે છે વધાવાઈ
સ્નેહની સરવાણી અહીં સતત વહેતી લાગે
મમ્મીના ગયા પછી, કોઈ મમ્મી જેવું ધ્યાન રાખે
માઈલોનું અંતર એક પળમાં ઓગળી જાય
જ્યારે આ સૂરીલો ટહૂકો ફોનમાં સંભળાય
એ હેતના રણકારે મુજમાં ઉર્જા પૂરાતી લાગે
મમ્મીના ગયા પછી, કોઈ મમ્મી જેવું ધ્યાન રાખે
આ લાગણીનું ઋણ નહિ શકું કદી ઉતારી
હરિ, બસ તું આ પ્રાર્થના સાંભળજે મારી
મારા વહાલના સરનામાંને નજર કોઈની ન લાગે
મમ્મીના ગયા પછી, કોઈ મમ્મી જેવું ધ્યાન રાખે

---

## મા,


કાજલ શાહ 'કાજ' મુંબઈ

આખો સમુદ્ર નાનો લાગે છે,
જ્યારે "મ"અક્ષર ને કાનો લાગે છે.
અજ્ઞાત...

જીવન દેનાર ઈશ્વર કહી શકાય પરંતુ એ ઈશ્વરને પણ જન્મ દેનાર તો એક 'મા' જ છે.

પરમાત્મા શબ્દમાં પણ બે વાર 'મા' આવે છે. કહેવાય છે ને કે, પરમાત્મા બધે નથી પહોંચી શકતા માટે તેમણે 'મા' બનાવી છે. એક સ્ત્રી જ્યારે માતા બને છે, ત્યારે એનાં બાળકનાં જગતની એ ઈશ્વર બને છે. બાળકને જન્મ આપીને એનાં જીવનની રક્ષક, શિક્ષક અને ચિંતક બને છે. પોતાનાં સંતાન માટે એક માતા જેટલું બલિદાન આપે છે એટલું કદાચ પિતા પણ નહીં આપી શકતા હોય. આમ તો માતાપિતા બંને બાળકનાં ઉચ્ચ કોટીનાં હિતેચ્છુઓ જ છે પરંતુ એક તત્વ એવું છે જેમાં માતા પિતા કરતાં આગળ નીકળી જાય છે અને એ છે ' અહમ્ '. પિતાનાં મનમાં ક્યારેક તો અધિકાર ભાવ આવશે અને એ નહીં પોષાય તો કદાચ સ્નેહની જગ્યા અહમ્ લઈ શકે છે. પરંતુ માતાનાં સ્નેહમાં કોઈ જ પ્રકારની મિલાવટ હોતી નથી. તેનો પ્રેમ નિતાન્ત શુદ્ધ હોય છે. માતાનાં જીવનમાં બાળક આવ્યાં બાદ તે પોતાનાં દરેક સંબંધ કરતાં મમતાને જ પ્રથમ હરોળમાં મૂકે છે. નિઃસ્વાર્થતાનું એક માત્ર ઉદાહરણ તે મા છે. માતા રૂપી વરદાન સહુને મળતું જ હોય છે પણ એ વરદાન જીવન પર્યન્ત તમારી સાથે રહે એવું જરૂરી નથી. મારી માતા આજે મારી સાથે નથી પરંતુ તેની યાદો, તેનો ચહેરો, તેના વિચારો અને તેણે આપેલ સંસ્કારોનો ખજાનો સદૈવ મારી સાથે જ છે અને રહેશે. માતાથી વધુ પ્રેમ અને સ્નેહ આ દુનિયામાં ખરેખર કોઈ આપવાં માટે સમર્થ નથી એ બાબત આપણે સહુએ અનુભવી જ હશે. માતાની કેટલીક બાબતો આપણને પુરાણી લાગશે પણ એ જરૂરથી આપણા હિતમાં જ હશે. માટે જેની પણ માતા હયાત છે તેઓ જરૂરથી પોતાની માતાનો આભાર માનજો અને તમારો સ્નેહ સતત પ્રગટ કરતાં રહેજો.

મા તારી કરુણા યાદ આવે ને નેણ નીતરે,
શિરે તારો સ્પર્શ યાદ આવે ને નેણ નીતરે.
યાદોનાં વહાણે બેસી આવું તારી પાસ રોજ,
તારું મધમીઠું વ્હાલ યાદ આવે ને નેણ નીતરે.
આકાશ તારાં નામનું ખોવાયું ક્યાં માત હવે!
તુજ પાલવ કેરી છાંયડી યાદ આવે ને નેણ નીતરે.
તુજ ટેરવેથી ટપકતો અમૃતમય રસાસ્વાદ જે,
મારા ભાણેથી અલોપ થયો એ પ્રસાદ નેણ નીતરે.
અવ્યક્ત મારી લાગણીઓનો સાંભળજે સાદ તું,
'માડી' કેરો ઉઠે છે અંતરમાં નાદ ને નેણ નીતરે.

---

## પ્રસુતિપાટે


ડૉ.મનીષા વ્યાસ
(અમદાવાદ)

રાત્રે નાનકડી કમલીનો હાથ પકડીને ઘરઘાંટણ કાશી ધડકતાં હૈયે ઝડપભેર ઘરે આવતાં જ નશેડી પતિ તાડુક્યો, ×રાંડ, હવે અવાય છે× કહી મારવા લાગ્યો.. આખા દિવસની કાળીમજૂરી પછી પેટનો ખાડો પતિના માર અને બળાત્કારરૂપી પતિધર્મથી પુરાયો..

સતત મારઝૂડ અને અન્નના સાંસા વચ્ચે.. પેટમાં ફરી જીવ ફરક્યો. માલેતુંજાર માલકણોને કામમાં ઢીલ ખટકતાં છોડાવી દીધાં.. સિવાય ભલી સમાજસેવિકા રતનાબાઈ બેઉની દયા ખાતાં. કાશીએ ગર્ભાવસ્થાના છેલ્લા દહાડા સુધી કામ ખેંચ્યું. આજે ધીરેધીરે એની કોખ ઠલવાઈ રહી હતી.. પહેલાં પાણી અને હવે લોહી વહેવા માંડ્યું. શું કરું? ક્યાં જાઉં? મુંઝારો હદ વટાવી ચૂક્યાં.. તેણે નજીકના સરકારી પ્રસુતિગૃહ તરફ દીકરીનો હાથ પકડીને નીકળી..

કમલી માને કાંઈ અસહ્ય થઈ રહ્યું છે વિચારી ગભરાતાં બોલી.. ×મા, તને શું વાગ્યું છે? તારો સાળું લોહી લોહી કેમ છે?.. તેપરાણે પગથિયાં ચઢતાં, ×બેટા, મોટી થઈશ ત્યારે સમજાશે× બોલતાં ત્યાં જ ફસડાઈ પડી.. નર્સે પરિસ્થિતિ ગંભીર સમજી સીધી લેબરરૂમમાં પ્રસુતિપાટે લીધી.. વર્ડબોયે રોતી કમલીને કહ્યું, ×જા તારા બાપને બોલાવી લાવ.× કમલીએ કહ્યું.. ×એ તો કેટલાય દિવસથી ઘરે જ નથી આવ્યા.× વર્ડબોય બોલ્યો.. ×આની મા પણ..

અંદરથી માનો સતત કણસવાનો અવાજ અને ઓ મા રે!ની બૂમોથી ડઘાયેલી અસહાય કમલી રડતાં.. ×મારી માને ના મારો.. મારા બાપા પણ મારે છે.. અને હવે તમે પણ.. જુવો તો ખરા.. એને કેટલું લોહી આવે છે..બારણું ખોલ મા.. ચાલ, આપણે જતાં રહીએ..

એકાદ કલાક પછી બારણું ખુલ્યું.. ત્યાં નિશ્ચેતન મા પડી હતી.. દોડીને અંદર જતાં બોલી.. ×ચાલ મા કહ્યું ને.. ઉઠ મા, આ મારા બાપથીએ ભૂંડાં છે.. જો તને બહુ મારી ને? ઉઠને મા કહેતાં પોક મૂકીને રડી પડી. નર્સે કહ્યું, ×બેટા! તારા કોઈ સગાને બોલાવી લાવ.. તારી મા હવે નહિ ઉઠે.. તે મરી ગઈ છે.× કમલી 'મરી' સાંભળતાં ચમકી.. ચાલીમાં જોયેલાં મૃત્યુ પરથી સમજતી હતી કે મરે તે ક્યારેય પાછું નથી આવતું.. જાણે ભગવાને તેનું સર્વસ્વ લૂંટી લીધું..તે ફસડાઈ પડી. નશેડી બાપને કોઈ ફર્ક ન હતો. રતનાબાઈએ કમલીને બાળવિકાસગૃહમાં મુકાવી.. વર્ષો વીતતાં.. કમલી ભણીગણીને નર્સ બની એજ સરકારી દવાખાનામાં નર્સ તરીકે નિમાઈ..

કમલીની નજર પ્રસુતિપાટે જતાં.. જાણે મા બોલાવતી દેખાઈ!.. ×મા જો હું આવી ગઈ.. હવે કોઈને નહિ મરવા દઉં..× પ્રસુતાની ચીસે જાગ્રત થતાં.. જાણે, માને સહેલાવતી હોય એમ પંપાળી જીવમાંથી જીવ છૂટો પાડ્યો.. ઉવાંઉંવા.. સાથે માને જન્માવતી એક પરી અવતરી.. પ્રસૂતાની આંખમાં જાણે મા હસી રહી!..

---

## મા


ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)

ઉદરના અંધકારમાંથી તેજોમય જીવનને પ્રસ્થાપિત કરીને અવતરણ કરી શકવાની ક્ષમતા માની અંદર જ હોય. પોતાનાં ઉદરમાં નવ મહિના સુધી એક નાનકડાં અંકુરને યોગ્ય આકાર આપવા માટે જે કષ્ટ સહી શકવા માટે ખમતીધર હોય તો તે એક મા જ છે. ઉદરમાં રહેલાં પોતાનાં બાળકને જોયું સુદ્ધાં ના હોય ત્યારથી મા વ્હાલની સરવાણી વહાવી તેનાં અવતરણનાં સ્વપ્નો સજાવવા લાગે છે. બાળકના અવતરણ પછી તો માની જાણે કે દુનિયા જ બદલાઈ જાય છે!

પોતાનાં નાનકડાં બાળને એટલી તો મૃદુતાથી ઉંચકે કે ક્યાંક પોતાનો સ્પર્શ એને વાગશે તો નહીં ને ?' આટલાં કોમળ અંગોને આજ પછી દરરોજ, હરહંમેશ પોતાનાં પડખાંમાં લઈને સૂવાનું છે. એ રડે ત્યારે ભર ઊંઘમાં સૂતેલી હું, મારાથી જાગી જવાશે ?' એમ વિચારીને નયનોમાં આવેલ નીંદરનો ભાર બાળકનાં શીશ પરનાં સોનેરી વાળને સહેલાવતા જ ભગાડી દે .

સાચે જ કહેવાય છે ને કે બધી જગ્યાએ જવામાં ઈશ્વર પહોંચી ના વળે ને એટલે જ એણે મા બનાવી છે. 'લાખ દુ:ખો કી એક દવા એટલે મા.' અરે ,સાચે જ એનાં સ્પર્શમાં તો જાદુ છે. કોઈ જગ્યાએ જરા જેટલી ઈજા થાય તો મા આવીને માત્ર ફૂંક મારે, બસ ઈજાનો દુ:ખાવો ગાયબ! ગજબની પ્રાણશક્તિનો સંચય છે માની અંદર.

ભલેને મા ખૂણે જઈને થોડાં આંસુ સારી લે, પણ બાળકને તો તે કદી રડવા ના દે. કોણ જાણે કઈ માટીમાંથી બનેલી હશે આ મા? પોતાની તકલીફ કદી જણાવે નહીં અને બાળકની તકલીફ કદી જોઈ ના શકે. પોતાનાં આંસુ લૂછતી જાય અને બાળકને ખિલખિલાટ હસાવતી જાય. સુમધુર કંઠે મા દ્વારા ગવાતાં હાલરડાંને બહારથી આવતો ઠંડો મીઠો વાયરો, કેવી મીઠી નીંદરની સોગાત લઈને આવી જાય નીંદરરાણી!

ઝાડ પર બાંધેલા માળામાં બચ્ચાં ચીં ચીં કરતાં બોલે તો ચકલી પોતાની ચાંચમાંથી બચ્ચાંની ચાંચમાં દાણો કેવો હળવેથી સેરવે છે ? માને વળગેલા વાંદરાના બચ્ચાને લઈને ગમે તેટલી ઊંચાઈએ કૂદે પણ મા તેને પડવા ના દે. ખરેખર, ઈશ્વરે બધાં જ જીવોમાં માની અંદર એકસરખી લાગણી મૂકેલી છે. માતા શબ્દમાં જ બાળકની આખી દુનિયા સમાઈ જાય. નટખટ કાનુડાના રોજ રોજનાં તોફાનમાં પણ યશોદામૈયા તો વ્હાલસોઈ મૂર્તિ જ બની રહેતાં.એમના તો ગુસ્સામાં પણ આજીવન પ્રેમ જ છલકાયો. બસ, મા વિષે સઘળું લખી શકું એવી ક્યાં કોઈ કલમ છે ? મા જ એક દવા છે ,એવો બીજો ક્યાં કોઈ મલમ છે ?

NEWS OF GANDHINAGAR_P-2

NEWS OF GANDHINAGAR_P-3

‘મા‘ તારી તોલે કદી આવે, એવું કોઈ કયાં છે?
તારાં જેવી મમતા વરસાવે, એવું કોઈ કયાં છે?
તારા પાલવમાં છુપાઈ ખીજ ખાવાથી બચતાં,
હવે ઢાલ બનીને બચાવે, એવું કોઈ કયાં છે?
તારા હાથમાં હતો જાદુ, એ ફરતાં દર્દ ભુલાતું,
અફસોસ હવે હાથ પસરાવે, એવું કોઈ કયાં છે?
નિ:સ્વાર્થ પ્રેમ ‘શ્યામ‘ ફક્ત જનેતા જ કરી શકે,
લાગણીનો અહેસાસ કરાવે એવું કોઈ કયાં છે?
વરસોનાં વ્હાણાં વાયા પછીએ, તું યાદમાં આવે,
આવી શમણે વ્હાલે ભીંજાવે, એવું કોઈ કયાં છે?


શ્યામ ગોયાણી ( શિવેન્દ્રનગર )

## તને અગણિત વંદન છે મા!

ચરણમાં સ્વર્ગ છે તારાં, તને અગણિત વંદન મા!
સમર્પિત શબ્દ છે મારા, તને અગણિત વંદન મા!
મને તેં જન્મ આપ્યો છે, મને તેં જિંદગી આપી,
લડાવ્યા લાડ કંઈ પ્યારા, તને અગણિત વંદન મા!
કર્યું તેં સ્નેહથી એવું સતત સંસ્કારનું સિંચન,
હટાવ્યાં ઘોર અંધારાં, તને અગણિત વંદન મા!
જતનથી સાચવ્યો છે મા મને તેં જાતથી ઝાઝો,
પીધાં સંસારજળ ખારાં, તને અગણિત વંદન મા!
કરું આજે ભલે તારું હવે પૂજન અને અર્ચન,
ઉતરશે ઋણ નહીં તારાં, તને અગણિત વંદન મા!


નીતિન પારેખ, (અમદાવાદ)

## મા લડશે નહી

ઓઠા દઈશ તો કોઈને ગમશે નહી,
મા શબ્દનો સાચો અરથ જડશે નહી.
પ્રેળાળ ને મૃદુલ દિલની હોય છે,
દુ:ખોથી કંટાળી કદી ડગશે નહી.
મા, ટાઢ, તડકો, ભુખને વેઠી શકે,
છેલ્લે વધેલું ખાઈને રડશે નહી.
એ ખુદના માટે કદી જીવી નથી,
એના બધા શોખને ગણશે નહી.
મમ્મી કહો કે મા બધાની સરખી છે,
હડધૂત કરશો તો‘ય મા લડશે નહી.


અનિલ દવે. ‘અનુ’ (અમદાવાદ)

## ‘માં’ ઉપર આધારીત કાવ્ય રચના

મમતાની મૂરત સમાન મારી તુ માં,
વાત્સલ્યનાં ધોધમાં રમાડતી તુ માં,
લાગણીની સરિતા વહાવતી તુ માં,
કેમ કરી તુજને હું ભૂલું ઓ મારી માં.
લાડ કોડથી મુજને ઉછેરનારી તુ માં,
સંસ્કારોથી જીવનને ઘડનારી તુ માં,
હૈયાના હિંડોળામાં ઝૂલાવનારી તુ માં,
કેમ કરી તુજને હું ભૂલું ઓ મારી માં.
દુ:ખ સહી સુખમાં રાખનારી તુ માં,
મુસીબતમાં રક્ષણ આપનારી તુ માં,
જીવનની છત્ર છાયાં બનનારી તુ માં,
કેમ કરી તુજને હું ભૂલું ઓ મારી માં.
શિતળ મીઠી છાંયડી દેનારી તુ માં,
દુનિયામાં સુખનાં છેડા સમાન તુ માં,
×મુરલી×ના દિલનો ધબકાર છો તુ માં,
કેમ કરી તુજને હું ભૂલું ઓ મારી માં.


ધનજીભાઈ ગઢીયા ‘મુરલી’ (જુનાગઢ)

## પણ, માં, તારી હાજરી વગર..

જ મ વા ને સ્વા દિ ષ્ટ
પકવાન છે, ને, પીવાને, વિવિધ પીણાં,
પણ, માં, તારા હાથ વગર,
ભોજન ફીક્કું, લાગતું!
બંગલા ને ગાડી છે, ને, દોમ સાહ્યબી છલકાય છે,
પણ, માં, તારા આશિષ વગર,
સુખ નથી, લાગતું!
ઢોલિયા ઢળાય છે ને, શય્યા રુડી સજાય છે,
પણ, માં, તારા ખોળા વગર,
જાગરણ, રોજ લાગતું!
સગાં સ્નેહીઓ મળે છે, ને, સંબંધો, સચવાય છે,
પણ, માં, તારી હાજરી વગર,
સુનું બહુ, લાગતું!
“ચાહત” ને લાગણીથી, કુટુંબ ઉભરાય છે,
ને, સૌની કાળજી, લેવાય છે,
પણ, માં, તારાં હેત વગર, ફિક્કું સહુ, લાગતું!
માં, તારી હાજરી વગર, જીવન સુનું, લાગતું!!


નેહા દેસાઈ “ચાહત”(અમેરિકા)

## એ ‘મા‘ જ હોય છે!

માગો નહીં ને પીરસે, એ મા જ હોય છે,
આંસુ છુપાવીને હસે, એ મા જ હોય છે!
જે હેત સાથે હીત પણ જુએ કુટુંબનું,
મુશ્કેલીઓ સામે ધસે, એ મા જ હોય છે!
જો ક્યાંય લાગે ઠેસ તો ‘ખમ્મા’ કહે તરત,
હરપળ વહે જે નસનસે, એ મા જ હોય છે!
ઈશ્વરના છે કૈં નામ ને દર્શન અલગ અલગ,
પણ એ બધા જેમાં વસે, એ મા જ હોય છે!
જેણે કરાવ્યું વિશ્વ-દર્શન જન્મ દૈ ‘સુધીર‘,
જેના થકી જીવન શ્વસે, એ મા જ હોય છે!


સુધીર પટેલ (અમેરીકા)

ઝુરતી આંખો આજે પણ ને,
નીતરતા આંસુ આજે પણ!
રહેતી જે છબી દિલના ખુણ
હર પળ તુજને શ્વસુ આજે પણ
ક્યાંથી લાવું એ વહાલભર્યો સ્પર્શ,
નથી પાસે તોય, શોધું આજે પણ!
હતી પાસે તો કરી ના માવજત,
શરમથી મુજને કોસું આજે પણ!
પાલવે બાંધી તુજ વહાલની પોટલી
માવડી નત મસ્તકે વંદુ આજે પણ!


શૈલા મુન્શા. (અમેરિકા)

## મા

તારી ઊંચાઈને ક્યારેય માપી ના શકું.
માનું ઋણ ક્યારેય હું ચૂકવી ના શકું.
ઈશ્વર પહેલાં સ્થાન છે માનું સદાય,
પ્રભુને પહેલો નંબર હું આપી ના શકું.
જેનો નિસ્વાર્થ પ્રેમ દેવોને ઈશ ઝંખે,
ત્યજી માને પરમેશને હું જાપી ના શકું.
અલંકારે છે એ અનન્વય નહીં ઉપમા,
એનાં સ્થાને કોઈને હું સ્થાપી ના શકું.
ગયા પછી દેજે સ્થાન એવું તું ઈશ્વર,
મા વિનાનાં સુખ સ્વર્ગનાં માણી ના શકું.


ચૈતન્ય જોષી.‘દીપક‘પોરબંદર.

## “મા”

આખરે થાક્યા પછીની આ રમત છે,
આખરી બોલ્યા પછીની આ શરત છે.
કેમ કરીને મા હું તારો પાડ માનું,
મા તે સૌપ્રથમ કહ્યું કે આ જગત છે.
શ્ર્વાસ તો થોભ્યા છતાં મા તું ધબક છે,
રક્ત છે, મારામાં મતલબ તું સતત છે.
કયારથી તારી છબી સામે ઉભો છું,
એ વિચારે,મા તું કહી દે તું પરત છે,
થઈ ગયો છે, રાજા આ કંગાળ તારો !
છે છલોછલ આંગણું તારી અછત છે.
મા તું મારી વેદનાને કેમ અવગણે,
કે ઉપર જઈને બની તું પણ સખત છે.


જતીન પરમાર‘અભિગમ’(ભરુચ)

## ‘માની ગોદમાં’

શૈશવો હરખાય માની ગોદમાં,
સ્વર્ગ પણ સર્જાય માની ગોદમાં!
તેજ કો‘ કિલ્લોલતું ચાંદો જુએ,
થઈ શિશુ એ જાય માની ગોદમાં!
બાગની મુશ્કાન ગાયબ કેમ છે?
ફૂલ હર મલકાય માની ગોદમાં!
સાત કોઠા પાર, પળમાં થઈ જતાં..
શૌર્ય-રસ પીવાય માની ગોદમાં!
ઈદ-દીવાળી ઉજવતો હું નથી,
પર્વ હર ઉજવાય માની ગોદમાં!
છું ફર્યો મંદિર-મસ્જિદથી પરત,
દેવ હર પૂજાય માની ગોદમાં!
હું ‘સિકંદર‘ મક્કા-મદિના જાઉં શું?
જ્યાં ખરી હજ થાય માની ગોદમાં!


સિકંદર મુલતાની, (સુરેન્દ્રનગર)

## મમતાનો દરિયો

માતા છે મારી મમતાનો દરિયો જી રે!
પ્રેમના રસથી ભરપૂર ભરિયો જી રે!
બાગમાં ખીલ્યાં રૂડાં ફૂલડાં જી રે!
આંખ્યુંમાં અમી છલકાય જી રે!
હસતું સદાય એનું મુખડું જી રે!
કરુણાની મૂરત એ કહેવાય જી રે!
માતા પ્રભુનો અવતાર છે જી રે!
લાડ એ અમને બઉ લડાવતી જી રે!
મનનો ઉજાસ મારી માવડી જી રે!
કદી ના ભૂલાય એના ગુણલાં જી રે!


મનુભાઈ પટેલ. “મનમોજી”. (અમદાવાદ).

## માતા અમુલ્ય!!!

જ્યાં જુઓ ત્યાં માતા વ્હાલસોઈ હોય છે.
જ્યાં જુઓ ત્યાં માતા દિલે રહેતી હોય છે.
ના કોઈ તેનાં અરે!જગતમાં મંદિર હોય છે.
માતા તોય હૃદયે સદાય વસતી જ હોય છે.
માતાના પૂજન કાજે સામગ્રી ક્યાં હોય છે.
માતાને તો સ્નેહની ઘણી જ ભુખી હોય છે.
માતાના ચરણોમાં જગતનાં સુખ હોય છે.
માતા જગતે પ્રભુના અન્ય રૂપોમાં હોય છે.
માતાતો સદૈવ સંસારમાં પૂજનીય હોય છે.
માતાનું સદૈવ સંસારે ના મુલ્યો અંકાય છે.
માતાના સ્નેહના સૌ સદૈવ ભુખ્યા હોય છે.
માતાના સ્નેહના સૌ સદૈવ ચાહક હોય છે.


સુભાષ ઉપાધ્યાય“મેહુલ” (અમેરીકા)

## મા

એમ હિંમત એની ના ખૂટી પડે
આભ આખું છો અહીં તૂટી પડે
આમ લખવા બેસું તો શું શું લખું
‘મા’ વિષે તો શબ્દ પણ ખૂટી પડે
એમ ‘મા’નું ઋણ અદા થાશે નહી
એક આખી જિંદગી ટૂંકી પડે
સૌ જમે ને, એક ‘મા’ ભૂખી રહે
થાળીમાં જો રોટલી ખૂટી પડે
કામ આવે છે પછી ‘મા’ની દુવા
વૈદ પણ જયારે બધા છૂટી પડે


આર બી રાઠોડ (ડીસા)

નવ નવ મહિના ભાર રાખી
હરખમાં ફરતી મા
જન્મ આપીને હથેળી પકડી
હેતથી રમાડતી મા
મસ્તી વચે પોતે રડતી રહીને
હસાવતી રહેતી મા
ખાધ્યા પીધા ની ચિંતામાં
ઉંબરે રાહ જોતી મા
સેવા ટાણે આશ્રમે મુકો તો
શું કહેતી હશે એ મા


ટી.કે.વાઘેલા(હિંમતનગર)

## મા નો ખોળો-

માં વિના ની કોઈ સૃષ્ટિ હોઈ જ ના શકે,
માં વિના ઈશ્રૃવર ધરા પર અવતરી ના શકે.
તુ નથી તારો ખાલીપો વર્તાય અમને સદાય,
તારા વિના તારી ખોટ કોઇ પૂરી જ ના શકે,
તારી હયાતી માં નચિંત રહેતો આ પરિવાર,
નિ:સહાય પિતાને સહારો તું જ આપી શકે.
હોય હાડ ગાળતી ઠંડી કે આગઝરતી ગરમી,
જાત હોમીને અમારાં આંસુ તું જ લૂછી શકે,
તારા ખોળે પરીઓના દેશ જોતા નીંદર માં,
પાલવ નો સ્પર્શ અને ખોળો તું જ દઈ શકે.


કિરીટકુમાર પી.વાઘેલા (વડોદરા)

મા આંખો જેની સ્નેહ સમંદર-છે મા,
છલછલ છલકે અમરત અંતર-છે મા.
હેલી હેતની ઝરમર ઝરમર-છે મા,
મીઠી મીઠી ગોદ નિરંતર - છે મા.
વ્હાલ ભરી વાણીનું સરવર - છે મા,
જેનામાં દેખાતો ઈશ્વર-છે મા.
ના જગમાં જોટો -ઉપકાર છે મોટો,
વ્હાલ વરસતું જાણે અંબર- છે મા.
જનની- જન્મભૂમિ અને સ્વર્ગથી મોટી,
જગ ખીલે મહેંકે તે અક્ષર-છે મા.


કંચન અમીન (વદોદરા)

ગઝલમાં એટલે માં બીજુ કંઈ શું કહેવું?
માતા વિના સંસાર જેવું છે ક્યાં કેવું?
આંખોથી જાણે અમી ઝરતી દેખાય છે,
મમતાનું ઝરણું જાણે અવિરત વહેવું ,
સૌ વેદનાઓ ભૂલી જાતી એ સદા,
સૌની ખુશીમાં ખુશ હમેંશા રહેવું,
સંતાનને સમજે રતન આંખો તણા,
સૌ દર્દને પણ રાજીખુશીથી સહેવું,
માંને કહો મમ્મી ભલે ને બા કહો?
માં જેવું સંબોધન બીજું છે ક્યાં એવું?



હિંમતસિંહ ઝાલા (બાલાસિનોર)

જીવન ઘડતર જેણે કર્યુ એ તુ જ મારી મા,
બાળપણ મીઠું મધુર બનાવ્યું એ તું જ મારી મા.
સંસ્કારનું સિંચન કરી લાલન પાલન કર્યુ એ તું જ મારી મા,
લાખ લાખ ઉપકાર તારા એ તું જ મારી મા.
મા તું છે અંબા તું જગદંબા એ તું જ મારી મા,
પામું તને ભવોભવ તું જ મારી મા.
મમતાની એરણ પર જીવતર ઘડાયું એ તું જ મારી મા,
સહન નથી થતી તારી જુદાઈ એ તું જ મારી મા.
વૈશાખી વાયરા, અને કેવા વલોપાત એ તું જ મારી મા,
ડૂંસકે ચઢી ફરી ફરી તારી મીઠી યાદમાં એ તું જ મારી મા .
જીવન ઘડતર રીસાયું તારે કાજ, એ તું જ મારી મા ,
આજ તારાં બાળકો કરમાયાં તારી યાદમાં ,
એ તું જ છે મારી મા.
શુભ આશિષ લેવા શોધું ,એ તું જ મારી મા,
સુંદર તસ્વીરમાં જ ભાળું એ તું જ મારી મા.


મીના માંગરોલીયા “મીનુ” (અમદાવાદ)

## “ મા ”

મા ને શબ્દોનાં તાંતણે બાંધવું કઠિન છે
મા થકી મારું જીવન કેટલું હસીન છે
સ્વયં માટે એને જીવવાની ક્યારેય ના કોઈ ચાહ છે
પરિવારને સદા સાચવે એને જોઈએ ક્યાં કોઈ વાહ છે
એની આંખના ખૂણાઓમાં
સંતાનોની ખુશીનું તેજ છે
એક આંચ પણ જો આવે તો
એ થઈ જતી નિસ્તેજ છે
આંસુ એ સઘળાં પી જતી
અપમાનો સર્વે ગળી જતી
વગર કીધે એ આપણાં દિલની વાત કળી જતી
પુસ્તકનું જ્ઞાન ઓછું પડે એવા જીવનનાં પાઠ ભણાવતી
નિજ જિંદગીનાં વર્ષો ગુમાવી
અમ જિંદગી એ તો સજાવતી


અલ્પા શાહ “અલ્પાની કલ્પના ’ (મુબાઈ)

## મા

હું બેઠો લખવા ×મા× ઉપર ત્યારે વિચારી ના શકયો,
જો ઈ છબી એની નજર મારી હટાવી ના શકયો.
જોને હવે ભીની થઈ આંખો અને વરસી પડી,
જૂની એ યાંદોને પટલ પરથી ભુસાવી ના શકયો.
એના વગર થઈ ગયું અઘરું આ જિંદગીનું વ્યાકરણ,
અરમાન મારા આસમાને હું ઉડાવી ના શક્યો.
આનંદથી એ રોશનીમાં હું હંમેશા જીવતો,
એના જવાથી તો તમસ દુર હું કરાવી ના શકયો.
વાગે મને ઠોકર હજી તો પણ મુખે ×મા× નીકળે,
આ લાગણી દિલની હું તો છુપાવી ના શકયો.



મૃદુલ શુકલ “મૃદુલ મન” (મુંબઈ)

## મા.. માતૃદિન


અવનીનું અમૃત મારી માવડી રે લોલ...
માને પાલવડે રમે હૈયાની હૂંફ, સંતાનો કાજ ભૂલતી મા નીજ સુખ.
સ્નેહની સરિતા થઈ સીંચતી વાડી રે લોલ
અવનીનું અમૃત મારી માવડી રે લોલ.
ખીલવે સંસ્કાર દૈવ ભાગ્ય મા જગ, સેવા સમર્પણની મૂરત દે આશિષ સજલ
વરસે વ્હાલપ મા તારા ચુંબન રે લોલ.
અવનીનું અમૃત મારી માવડી રે લોલ
રમાડે આંગણ બાળપણ ભુલાવી વૈકુંઠ ,
બા બોલડે ઝરે અમી આકંઠ.
સૌથી મીઠડી જગે મારી માવડી રે લોલ.. અવનીનું અમૃત મારી માવડી રે લોલ.


રમેશ પટેલ “આકાશદીપ” (અમેરીકા)

બા
ચોરાની રણકતી
ઝાલરે
ફળિયાના ખાટલે
નિરાંતે
બેઠો હોઉં છું ત્યારે
સીમ ચરીને
પાછી ફરેલી
રાતડીના આંચળે
વાછડીને
વળગેલી જોઈ
બા,
મને
તું યાદ આવે છે!



પ્રીતમ લખલાણી (અમેરિકા)

ફરી જાય બારાખડી મોટાં થઈને
પ્રથમ શબ્દ તો બાળકો,મા જ બોલે !
એવું નથી કે મૂલ્ય ઓછું હોય, અન્યનું
પણ,મા વગર ઓવારણાં અમથા જ લાગશે !
મા વગરની જિંદગીના સંસ્મરણની હૂંફને
ગોદડીનો જર્જરિત ટુકડો ય,વહાલો લાગશે
જઇ અનાથાશ્રમ, પરત ફરતાં જજો વૃધ્ધાશ્રમે
એ પછી,મા-બાપનો ઠપકો ય વહાલો લાગશે !
વહુઓ સહિત દીકરાઓએ બેઠક કરી,
હિસ્સા વિષે
બસ,મા વિષે ચર્ચા હતી;પણ કોઇ કંઇ બોલ્યું જ નહીં !


ડૉ.મહેશ રાવલ (અમેરિકા)

## ‘મા‘ના પાલવમાં

ચિંતા સઘળી દુરે જાશે ‘મા‘ના પાલવમાં.
આખું જગ મારું સમજાશે ‘મા‘ના પાલવમાં.
મમતા કેરી લ્હાણી થાશે ‘મા‘ના પાલવમાં.
સ્હેજ નિરાંતે આળોટાશે ‘મા‘ના પાલવમાં.
બંન્ને હાથો ‘ મા‘ ના પકડી ને ડગમગ ચાલું
ડર મારો ભાગી ને જાશે ‘મા‘ના પાલવમાં.
કાલું ઘેલું બોલું તો પણ ઓવારી એ જાતી
લાખ કરોડો ઝીરો થાશે ‘મા‘ના પાલવમાં.
સુખ, દુ:ખ સઘળું વેઠીને આપે મીઠો છાયો
સુંદર સંસ્કારો શિખાશે ‘મા‘ના પાલવમાં.
કાશી , કાબા સઘળાં તીર્થે ના જાવું મારે
ચારોધામ હવે દેખાશે ‘મા‘ના પાલવમાં.
‘ મા‘ના ચરણો ધોઈને ચરણામૃત બનાવું
આશિષ ઝાઝા લેવાશે ‘મા‘ના પાલવમાં.


ભારતી ગડા.- (મુંબઈ )

## મા .....

ફરી જગમાં તોય ન જડી તુજ સમ કહાણી મા ,
બટકું રોટલો તુજ હાથે એજ ખરી ઉજાણી મા.
લાગે જોને લીલુંછમ તારા હેતનું મીઠું માવઠું ,
બીજાં માવઠે મમતા જાગે પાશેરાની પૂણી મા.
તારો ખોળો લાગે ભોળો ને હૂંફ કરે મન- મેળો ,
એ મેળાનાં ધોળા ધાવણે વહાલી મુજ દયાળી મા.
ઘા મારા ને પીડા તારી ઘડીક વારમાં છતી થાય,
રુઝાતા ઘા એ મલકાતી માવડી મારી રાણી મા.
તુજ ખોળે અવતરણ એવો બડભાગી અંશ હું,
ચરણ તારા મુજ મસ્તક ધરું ઓ ! લાખેણી મા.


વનિતા મણુંન્દ્રા “વાણી” (બનાસકાંઠા)

## મા..

તારી નાડથી જ્યારે ‘મા‘ મારી નાડ જોડાઈ,
ત્યારે આ પિંડમાં પ્રથમ ધબકારથી હું જોડાઈ..
મુખથી નીકળ્યું ‘મા’ અને માંહ્યલો એવો મલકે..
‘શ્રી‘ના મુખમાં દેખાય બ્રહ્માંડ જેમ..
આ આખુય તન છલકે.
શિશરના સવારના ઝાકળસમ,
તારો પ્રેમ નિરંતર નિસરે..
તારા હાલરડાંથી ઘર આખું,
પારિજાત સુગંધ સમ પ્રસરે..
પ્રેમના પેહલા ‘પ‘ નો ત્યારે જ તો મતલબ સમજી
જ્યારે ‘વેલ - ઝાડ‘ સમ માની છાતીએ વળગી..
‘મારી મમ્મી.. મારી મમ્મી..’કહી હક જતાવતી ..
કોઈ આવે જો પાસ તો.. હું એને હટાવતી..। ઘેલી
બળી - ગળી તોય રહી અડગ, ‘ને ગુણધર્મો ને ના ભુલી,-
‘મા‘ તે તો અગરબત્તી સમ આખા ઘરને મહેંકમાં પૂરી..
તારો ગુસ્સો, તારો પ્રેમ.. જાણે જ્વાળામુખી પર હેમ,
વઢે તું ક્યારેક, તોય ન થાય મમતા પર કોઈ વહેમ..।
તારો પડછાયો થઈ, હું આવી આ જગતમાં..
સમયાંતરે વિસ્તરી, હું ય વરી બીજા ઘરમાં..
તે દીધેલ મહેંદીનો રંગ, ના જવા દીધો મેં ઉતારી..
તારા સંસ્કાર - સિંચનથી મેં ખીલવી એ ઘરમાંય તુલસી..।
તારા વિના સાવ અંધારું, ના વિચારોની કોઈ બારી,
એક ડગલુંય કેમ ભરાય? શું દુનિયા કે દુનિયાદારી?
સો શિક્ષક સામે માવડી મારી તું એકલી જ ભારી..
પ્યાર કરતાંય વધુ મને લાગતી તું પ્યારી..।


ભૂમિત (અમદાવાદ)

જીવના ઉદ્ધાર માટે છે જરૂર માની સદા.
સ્નેહ ને સંસ્કાર માટે છે જરૂર માની સદા.
જે સતત સાહસ કરે સંસારના સમરાંગણે,
સ્વપ્ન હો સાકાર માટે છે જરૂર માની સદા.
મન વચન ને કર્મથી દઈ પ્રેરણા એ નિખરે,
વિશ્વના આધાર માટે છે જરૂર માની સદા.
ખુદને ઓગાળીને પ્રસ્થાપિત કરતી એ ફરી,
માનવી આકાર માટે છે જરૂર માની સદા.
આપણા વ્યક્તિત્વ ઘડતરમાં અભિવૃદ્ધિ કરે,
‘શિલ્પ’નાં નિખાર માટે છે જરૂર માની સદા.


શિલ્પા શેઠ ‘શિલ્પ’ (મુંબઈ)

કંટકો પર ફૂલ થર કરતી હશે.
મા જ સુંવાળી ડગર કરતી હશે.
જે સફરમાં ચાલતા મારા કદમ,
રાહ એ સુખથી સભર કરતી હશે.
એક નાની જીદ જો આ મન કરે,
પૂરવા માટે કસર કરતી હશે.
દોષ મારા ઢાંકતી પાલવતળે,
ને સફળતાની ખબર કરતી હશે.
ડાંટથી ફટકારશે સુધારવા,
આંખ એની તરબતર કરતી હશે.


પાયલ ઉનડકટ,(મુબાઈ)

‘મા’ એટલે, સૃષ્ટિનું સર્જન;
‘મા’ એટલે, ઈશ્વરનું દર્પણ;
‘મા’ એટલે, ઝળહળતો દીપક;
‘મા’ એટલે, પરિવારની રોનક;
‘મા’ એટલે, સુખોનો સાગર;
‘મા’ એટલે, અમૃતની ગાગર;
‘મા’ એટલે, ગગનચુંબી ઈમારત;
‘મા’ એટલે, ભગવતીની ઈબાદત;
‘મા’ એટલે, જિંદગીનું ચણતર;
‘મા’ એટલે, જીવતરનું ઘડતર;
‘મા‌ૃ એટલે, અખંડ-અનંત ‘વ્યોમ’
‘મા એટલે, સુંદર, મનોહર ભોમ;


વિનોદ. મો. સોલંકી ‘વ્યોમ’(રાપર)

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




વિષય: માતૃ વંદન
શબ્દો : ૩૨૩.
માતૃદેવો ભવ: પિતૃદેવો ભવ:
માતૃભૂમિ નમ;
ન કરીયે કદી દિવો
ન કદી અગરબતી
ન ધરીયે કદી પ્રસાદ
ન કદી રંગીનચુંદડી
છતાં,સર્વેની સંભાળ રાખે
જીવનભર !
પ્યારે' તેજછે , પ્યારી મા

અનેક અલગ યોનિઓમા રઝળપાટ કર્યાબાદ, અને પૂર્વભવોના પ્રબળ પુણ્યોદયે આપણને આ માનવદેહ મળેછે.

અવિરત મમતા ને સુરક્ષા કવચ સાથે આપણી ,
મા, બા, આઈ, યાવા ,મધર
જેવા અનેક ઉપનામો ધરાવતી આપણી માતાઓ,

પ્રસૂતિના અનેક કષ્ટો સહન કરી, આપણને જન્મ આપી,આપણા જન્મથી મૃત્યુ સુધી ની તમામ જવાબદારીઓ,,,,,,

કોઈ પણ જાતની અપેક્ષા વગર, આપણને ઉછેરી, આપણું વ્યક્તિત્વ નિખારે છે.

ગરીબ-મધ્યમ ,ધનીક, કે પછી કાળા-ઘઉવર્ણા કે ગોરા, દરેક સંતાન માટે મા ની અમીભરી પ્રેમ- લાગણી સતત વહ્યા કરે છે.

અને તેને સાર્થક કરતી કહેવત,
સીદીભાઈને કો સીદકા વ્હાલા
સમસ્ત વિશ્વવમાં મા જ
એક એવુ વ્યક્તિત્વછે,
જે અનેકપાત્રી વ્યક્તિત્વ,

પોતે-ખૂદ હસ્તા રમતા ભજવી શકેછે, વિશ્વ ને તેનો પરિચય કરાવેછે. આછે તેની સમજ શક્તિ!પરિવાર પ્રત્યેની નિ:સ્વાર્થ ભાવના.

ભગવાને પણ,જગતમાં અવતરણ માટે, માતાનૂ શરણું લેવુ આવશ્યક !

આપણી કહેવત, સત્ય ઉજાગર કરતા સચોટ સંદેશ આપે છે કે...
મા તે મા બીજા બધા વગડાના વા.!
કહેવતને વધુ સ્પષ્ટ કરતાં
કવિ બોટાદકરે લખ્યુ કે..
જનની ની જોડ સખી નહી જડેરે લોલ ..."
મા નુ ઋણ એટલે ?

ઈશ્વર માટે દરેક પરિવારની સંભાળ રાખવાનુ અસંભવ બન્યું ત્યારે મા ના સ્વરૂપે ,

ઈશ્વરે પૃથ્વીઉપર અવતરણ કર્યુ!
કદાચ સૃષ્ટિ ઉપરની એક વ્યક્તિ પણ, ખૂદ ઈશ્વર ને

મા નું ઋણ ચુકવવાનો આદેશ આપેતો, ભગવાન પણ મા નુ ઋણ ચૂકવવા જરૂર ઊણાજ ઊતરે ,આછે મમતાળુ મા નો મહિમા

મા
તને વિશ્વવના અમો તમામ ઋણી બાળકોના,શત શત વંદન ??.
માતૃદેવો ભવ; પિતૃદેવો ભવ;જયહિદ- વંદે માતરમ્ ??.
જયકાન્ત ઘેલાણી પ્યારે".

---

પ્રકાર - પદ્ય(ગઝલ)
વિષય - મા
શીર્ષક - મા એ મા
શબ્દો - ૧૧૬
આજ પણ મારી જ બહુ ચિંતા કરે છે મા;
હાલ મારા પૂછી,મારું દુ:ખ હરે છે મા;
ઘરને માટે જાત તે ઓગાળતી કાયમ;
થોડી થોડી રોજ આજે પણ જરે છે મા;
બાળકોના સુખમાં સુખ, પણ દુ:ખ જો આવે તો?
તો હજી પણ કહું પ્રભુથી કરગરે છે મા;
કંઈ સિતારાઓ બીજા માટે ખરે છે તેમ;
મારી ઈચ્છા પૂર્ણ કરવા તું ખરે છે મા;
એમ ઈચ્છે સંપથી સંતાન રહે મારાં;
મનથી અળગા જોઈ અંદરથી મરે છે મા;
સૌની સાથે તું હસે પણ પ્રશ્ન એક પૂછું?
એકલામાં તારી આંખો કાં સરે છે મા;
મોત આવે ખુદનું હિંમતથી લડે પણ જો;
બાળકોને એક ઘસરકો ,થરથરે છે મા;
હું કહું એક વાત ,"શ્વેતા" ઘર નિરાધારજ;
લાગે ઘર, ઘર જો તું સાથે ને ઘરે છે મા.
**શ્વેતા તલાટી**

---

વિષય:- મા
શબ્દો:- ૬૫
શીર્ષક:- માનું મૂલ્ય
ખંજરના ઘા
નજરે ચઢ્યા.
છૂપાઈ ગયાં
વાણી કેરાં ઘા.
મહેણાં ટોણાં
સહતી રહી.
વદને હાસ્ય
રેલાવી રહી.
કુટુંબ કાજે
સંઘર્ષ કરી,
ઘસાતી રહી.
સાથે રહે સૌ
ભાવના કાજ,
નિજ ઓરતા
બાળતી રહી.
કદર નહીં
ભાવના કેરી,
બે મીઠાં બોલ
સૂણવા કાજ
તરસી રહી.
લીધી વિદાય
હંમેશ માટે.
નોંધારા બન્યા
ત્યારે સમજ્યા
માનું મૂલ્ય.
રડી રહ્યાં સૌ
તસ્વીર સામે.
**વિભૂતિ દેસાઈ ઘાસવાલા. બિલીમોરા**

---

વિષય : ચિંતન લેખ
શિર્ષક: સમતોલન
શબ્દો: ૩૫૦.
નામ : મોહનભાઈ" આનંદ"

સમત્વયોગ એટલે જ ગીતાનો સાર, યોગ ભક્તિ જ્ઞાનને સહજ સરળ અને નિર્લિપ્ત ભાવે આચરણમાં મુકવામાં આવે એ જમહત્વપૂર્ણ જીવન મુક્તિનો માર્ગ છે. સંસાર માં વિષમતા છે એ સ્વાભાવિક છે, પ્રાકૃતિક છે અને એ આપણા વ્યવહાર અને વ્યવસ્થામાં પણ છે.એ વિષમતા ને સમત્વ માં ફેરવવાની કળા આપણને શીખવે છે એ ભગવાન શ્રી કૃષ્ણની પવિત્ર વાણી છે.

માણસ મુંઝવણમાં છે, દેહમાં આસક્તિ રાખે છે, મમત્વ અને મહત્વકાંક્ષી છે, એટલે હું જ સુખી અને સમૃદ્ધ થઇ જાઉં એમ વિચારી સકામ કર્મોમાં પોતાને જોડી દે છે, પરિણામે અશાંતિ, દુ:ખ હતાશા , નિરાશા અને અંતે થોડીક સફળતા પણ મેળવી જ લે છે. પરંતુ આ બધાં કાલ્પનિક સુખો છે, વાસ્તવિક નથી. શાશ્વત નથી. પ્રાકૃતિક ગુણોથી સમૃદ્ધ વિશ્વમાં ગુણો જ ગુણો માં પ્રવર્તમાન છે એ જાણવું જરૂરી છે.તો જ સત્ય , સમતોલન ભાવનું દર્શન થાય.

प्रकृते : क्रियमाणानि गुणै : कर्माणि सर्वश :।
अहकार विमुढात्मा कर्ताहमिति मन्यते ॥ २७ ॥ गीता ॥

માણસ અહંકાર માં સમજે છે કે હું કર્તા છું, હું ભોક્તા છું, પણ

વાસ્તવમાં તો શરીર મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર પ્રકૃતિ અન્ય છે.એમ સમજી અનાસક્તિ માં, નિષ્કામ ભાવે કર્મ કરે,તો અવશ્ય મન ઈન્દ્રિયો પર કાબૂ મેળવી લે.અને સમત્વયોગ દ્વારા જિંદગી પ્રેમ અને આનંદમાં વ્યતિત કરે. પરંતુ હું છૂટતું નથી.અહં અને મમની ભાવનાની ઉપર ઊઠીને જુએ ત્યારે જ મૃત્યુલોકમાં શાશ્વત સુખ શાંતિ અને સમૃદ્ધિ ની યોજના સમજાય. આ એક વિશિષ્ટ કૃપા છે સમ્યક્ત્વની જે ત્યાગની ચાવી દ્વારા જ ખુલે.

અને જીવન ખુશખુશાલ થઈ જાય. મનની સમતા રાખવા આજ કાલ યોગના , મેનેજમેન્ટ ના વર્ગ ખોલવામાં આવ્યા છે.શિખામણ તો બધાં જ આપે છે ,પણ આચરણમાં કેટલા મુકે છે. પ્રાણાયામ દ્વારા મન થોડું શાંત થશે પણ પછી શું? યોગ એટલે જોડાવું,

તમે પ્રકૃતિમાં જોડાયા છો એની સાચી સમજણ કેળવો.માતા પિતા ,ગુરુ, ઈશ્વર બધાજ કંઈક ત્યાગ કરે છે.તમે પણ અહંકારનો ત્યાગ કરો એટલે સમતા સાથે મૈત્રી થશે.ઉદાર બનો , બધામાં એક ઈશ્વરનો અંશ છે એમ સમજી વ્યવહાર કરો, તો ખૂબ અસરકારક પરિણામ આવશે.નાની નાની વાતોમાં મન ઉશ્કેરાય , ગુસ્સો ક્રોધ અને પરિણામે અશાંતિ સ્વાર્થવશ ઉભી થાય છે.જે સમભાવે જુએ છે.જેનું આચરણ ત્યાગ , વૈરાગ્ય અને વિવેકપૂર્ણ છે .સમત્વયોગનો સાધક છે ,એ ભીતર અને બહાર સમતુલા જાળવી આનંદ પૂર્વક જીવી જાણે છે. ૐ તત સત.

# ક્રૂડ તેલમાં ૯,૯૯,૪૦૦ બેરલના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૫૭ની નરમાઈ

## સોનાનો વાયદો રૂ.૩૭૩ અને ચાંદીનો વાયદો રૂ.૧૪૮ વધ્યો: નેચરલ ગેસ, મેન્થા તેલ, કોટન-ખાંડીમાં સાર્વત્રિક ઘટાડો: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૪૬૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૫૨૧૧.૩૬ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૩૩ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૭૬,૨૨૨ સોદાઓમાં કુલ રૂ.૨૨,૭૦૫.૭૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૪૬૧.૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૫૨૧૧.૩૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૩,૩૫૯ સોદાઓમાં રૂ.૫,૦૨૮.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રાની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૯૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૩૨૪ અને નીચામાં રૂ.૬૦,૯૦૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૭૩ વધી રૂ.૬૧,૩૦૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૦૮ વધી રૂ.૪૯,૦૩૩ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૫ વધી રૂ.૬,૧૪૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૦ વધી રૂ.૬૧,૨૩૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૭,૧૭૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૭,૩૨૫ અને નીચામાં રૂ.૭૬,૬૬૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૮ વધી રૂ.૭૭,૨૨૭ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૯૬ વધી રૂ.૭૬,૯૯૯ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૮૦ વધી રૂ.૭૬,૯૭૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૭૭૩ સોદાઓમાં રૂ.૧,૨૩૦.૭૪ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૫૧ના ભાવે ખૂલી, રૂ.૧.૫૫ ઘટી રૂ.૭૫૧.૧૫ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૦ વધી રૂ.૨૧૦.૩૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ વધી રૂ.૧૮૫ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ ઘટી રૂ.૨૩૮ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૪૦ વધી રૂ.૨૧૦.૩૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ વધી રૂ.૧૮૪.૫૫ જસત-મિની મે વાયદો રૂ.૦.૮૦ ઘટી રૂ.૨૩૮.૦૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૪,૪૫૬ સોદાઓમાં રૂ.૧,૧૮૯.૪૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રાની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૯૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૯૩ અને નીચામાં રૂ.૫,૯૩૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૭ ઘટી રૂ.૫,૯૫૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૫૬ ઘટી રૂ.૫,૯૫૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૪ના ભાવે ખૂલી, રૂ.૨.૨૦ ઘટી રૂ.૧૮૦.૮૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૨.૨ ઘટી ૧૮૦.૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૨.૬૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૭૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૭૪૦ અને નીચામાં રૂ.૬૨,૪૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૬૦ ઘટી રૂ.૬૨,૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૫૦ ઘટી રૂ.૯૬૪.૫૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૬૦૬.૮૭ કરોડનાં ૪,૨૬૧.૪૭૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૨૨.૦૮ કરોડનાં ૩૧૪.૩૫૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૬૩.૨૮ કરોડનાં ૧૧,૧૧,૭૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૫૨૬.૧૭ કરોડનાં ૨,૮૬,૯૪,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૩૨૧.૨૭ કરોડનાં ૧૫,૩૮૬ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૧.૭૩ કરોડનાં ૨,૮૦૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૩૨.૩૯ કરોડનાં ૮,૪૨૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૨૫.૩૫ કરોડનાં ૯,૪૬૧ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૦.૫૧ કરોડનાં ૧,૬૮૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨.૧૫ કરોડનાં ૨૨.૩૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૦૩૪.૭૧૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૨૦.૪૩૨ ટન, તાંબાના વાયદાઓમાં ૧૩,૮૩૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૯૧૧ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૪૯૧ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૨,૭૫૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૬,૧૩,૫૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૦૨,૩૭,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૫,૬૦૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૭૫.૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩૨.૬૧ કરોડનાં ૩૯૧ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૭૩ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૬૪૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૭૨૭ અને નીચામાં ૧૬,૬૪૦ બોલાઈ, ૮૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૯ પોઈન્ટ વધી ૧૬,૭૧૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૫૨૧૧.૩૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૮૬૦.૯૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૦૩.૮૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૨૨૧૦.૩૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૯૩૨.૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૫૫.૮૨ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૩૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૮ અને નીચામાં રૂ.૧૦૫.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪.૨૦ ઘટી રૂ.૧૧૬.૨૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૪૫ અને નીચામાં રૂ.૯.૬૫ રહી, અંતે રૂ.૧.૨૦ ઘટી રૂ.૯.૮૦ થયો હતો.

સોનું મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯૧.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૨૮ અને નીચામાં રૂ.૫૯૧.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧૨ વધી રૂ.૮૦૯ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮૯ ખૂલી, ઊપરમાં રૂ.૮૧૦ અને નીચામાં રૂ.૫૮૯ રહી, અંતે રૂ.૨૦૨.૫૦ વધી રૂ.૭૯૧.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૮૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૧૯ના ભાવે ખૂલી, રૂ.૯.૫૦ વધી રૂ.૧,૪૩૧.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૩૯૬ના ભાવે ખૂલી, રૂ.૩૪.૫૦ વધી રૂ.૨,૩૫૬.૫૦ થયો હતો. તાંબુ મે રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૫૨ ઘટી રૂ.૧૪.૪૭ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૨૨ અને નીચામાં રૂ.૧૦૦.૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮.૬૦ વધી રૂ.૧૧૬.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮૫ ખૂલી, ઉપરમાં રૂ.૯.૧૦ અને નીચામાં રૂ.૭.૪૦ રહી, અંતે રૂ.૧.૧૦ વધી રૂ.૮.૯૫ થયો હતો.

સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૯.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૯.૫૦ અને નીચામાં રૂ.૨૦૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૭ ઘટી રૂ.૨૦૫.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૩ અને નીચામાં રૂ.૨૨૪ રહી, અંતે રૂ.૫૦ ઘટી રૂ.૨૨૯.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૪૦૨ના ભાવે ખૂલી, રૂ.૮૦.૫૦ ઘટી રૂ.૨,૪૩૧ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૩૦૪ના ભાવે ખૂલી, રૂ.૬૮.૫૦ ઘટી રૂ.૨,૩૩૮.૫૦ થયો હતો.

# મહાદેવપુરા ગામને મળ્યાં નલ સે જલ યોજનાનાં સુફળ

જળ એ જ જીવન છે'. શુદ્ધ જળ સંસાધનો એ માનવીને કુદરત તરફથી મળેલી અણમોલ ભેટ છે. પાણીનો જ્યારે અભાવ થાય ત્યારે જ તેનો ખરો પ્રભાવ સમજાય છે. રાજ્ય સરકારની 'નલ સે જલ' યોજનાને પરિણામે સેંકડો ગામોના લાખો ઘરો સુધી પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય થયું છે. આ યોજના અંતર્ગત વાસ્મોના પ્રયાસોથી અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકામાં આવેલા મહાદેવપુરા ગામે ૧૦૦ ટકા 'નલ સે જલ'ની લક્ષ્યપ્રાપ્તિની સિદ્ધિ હાંસલ કરી છે. આ અંગે વાત કરતા અમદાવાદ વાસ્મોના ડિસ્ટ્રિક્ટ કોર્ડિનેટર શ્રી ભીખાભાઇ એસ.રબારી તેમજ અમદાવાદ વાસ્મોના કાર્યપાલક આર.જે બ્રહ્મભટ્ટના જણાવ્યા અનુસાર ધોલેરા તાલુકાના મહાદેવપુરા ગામની વસ્તી ૧૬૦૫ છે. ગામના કુલ ૫૧૦ ઘરોમાં નળ કનેક્શનની કામગીરી રૂ. ૨૧.૦૬ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવી છે. આમ, પાણી પુરવઠાની જૂથ યોજનાઓ અને વાસ્મોના અથાગ પ્રયાસોથી ધોલેરા તાલુકાના મહાદેવપુરા ગામમાં જળક્રાંતિ થઈ છે. વર્ષો જૂની પાણીની સમસ્યાઓનું 'જલ જીવન મિશન' અંતર્ગત નિરાકરણ આવ્યું છે. ગામના પ્રત્યેક ઘરે નળ અને જળ પહોંચતાં ગ્રામજનોને પાણી માટેની રઝળપાટમાંથી મુક્તિ મળી છે. શ્રી ભીખાભાઈએ વધુમાં જણાવ્યું કે, મહાદેવપુરા ગામમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત ગામનાં તમામ કુલ - ૫૧૦ ઘરોમાં નળ કનેકશન આપવામાં આવ્યા છે. આઝાદી બાદ પ્રથમવાર ધોલેરા તાલુકાના મહાદેવપુરા ગામના ગ્રામજનોને 'નલ સે જલ' ની ભેટ મળી છે. એટલું જ નહીં, સંપ મારફત ગામમાં સૌ પ્રથમ વખત પાણી વિતરણ કરવામાં આવ્યું છે, જેથી ગામમાં સૌ લોકો ખુશ-ખુશાલ છે. ગામની જૂની પાણી સમિતિ તથા હાલની નવી પાણી સમિતિએ સાથે રહીને ગામને પાણી અપાવવા સહિયારા પ્રયાસો હાથ ધર્યા અને ઐતિહાસિક સફળતા પ્રાપ્ત થઈ છે. ગામલોકોએ વાસ્મો, લોકફાળો ભરનાર ટાટા પાવર કંપની, તેમજ માહિતી સંસ્થા – ધોલેરાનો ખૂબ જ આભાર વ્યક્ત કર્યો હતો. વાસ્મોની 'નલ સે જલ' યોજના અંતર્ગત મહાદેવપુરા ગામમાં રૂ. ૨૧.૦૬ લાખની યોજનાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ કુલ ૫૬૪૩ મીટર પાઈપ લાઈનની કામગીરી શરૂ થતા ગામ લોકોમાં આનંદનો પાર ન રહ્યો. આ ઉપરાંત ગામમાં ૧.૦૦ લાખ લીટર ક્ષમતાનો ભૂગર્ભસંપ, પંપીંગ મશીનરી, તથા વીજ કનેકશનની કામગીરી સહિતની તમામ કામગીરી 'નલ સે જલ' યોજના અંતર્ગત પૂર્ણ કરવામાં આવી છે. હાલમાં ગામમાં જૂથ યોજનાનું પાણી ઘેર-ઘેર મળવાથી બહેનોને બેડા લઈને પાણી ભરવા જવામાંથી મુક્તિ મળી છે. બાળકો નિયમિત શાળાએ જતા થયા છે, બહેનોને ઘરકામ, ખેતી તથા આજીવિકાની કામગીરીમાં વધુ સમય મળવા લાગ્યો છે. આમ, વાસ્મોના નલ સે જલ યોજનામાં સહયોગ તથા મહાદેવપુરાની પાણીદાર પાણી સમિતિના અથાગ પ્રયત્નોથી ગામની પીવાનાં પાણીની વિકટ સમસ્યાઓનો અંત આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા જલ જીવન મિશનનો ઉદ્દેશ દરેક ગ્રામીણ ઘરને નિયમિત, શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં નિયત ગુણવત્તાનો પીવાના પાણીનો પુરવઠો લાંબા ગાળા સુધી ઉપલબ્ધ કરાવીને નાગરિકોના જીવનધોરણમાં સુધારો લાવવાનો છે. જેના અનુસંધાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વમાં 'નલ સે જળ' યોજના અંતર્ગત દરેક ઘરને નળ મારફતે પાણી પૂરું પાડવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

અહેવાલ : ગોપાલ મહેતા, પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.